# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.17 - Issue 05
May 2024
Price 15/-



રાજયોગી બ્રહ્માકુમાર જગદીશભાઇજી
અવ્યકત સ્મૃતિ દિવસ 12-05-2001



અમદાવાદ સુખશાંતિ ભવન ખાતે 'મહિલા દિવસે' આયોજિત 'નારી તું નારાયણી' કાર્યક્રમમાં માતાઓ અને પુત્રવધૂઓના સન્માન બાદ સમૂહચિત્રમાં માતાઓ સાથે બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અમરબેન.




ગોંડલમાં 'શિવ અવતરણ મહોત્સવ' મેળાના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં પધારેલ ભૂવનેશ્વરાપીઠના અધ્યક્ષ રવિદર્શન મહારાજ, ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી સાથે બ્ર.કુ. ભાવનાબેન.




પાટણમાં 'મહિલા દિવસે' યુનિવર્સિટીના કેમેસ્ટ્રીના HOD ડૉ. સંગીતાબેન, આંબેડકર યુનિ.ના ડાયરેક્ટર ડૉ. લીલાબેન સ્વામી, વાલીબેન, યોગિનીબેન, બ્ર.કુ. ડૉ. સવિતાબેન, બ્ર.કુ. નીલમબેન.



વડોદરા વાસણા રોડ ખાતે 'વુમન ડે'ના કાર્યક્રમમાં મ્યુ. કોરપોરેટર ભગિની લીલાબેન, ચૌધરી નંદાલયાના ટ્રસ્ટી ભગિની શીતલબેન, બ્ર.કુ.ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. મીનાબેન, કૉરપોરેટર અવનીબેન.



સુરત શહેરમાં 'ધી લાઈટ' ફિલ્મના શૉમાં પધારેલ સ્વામી યોગી અરૂણાનંદ મુનિજી, ગુજરાત પ્રદેશ કિસાન મોર્ચા વર્કીંગ કમિટીના સભ્ય ભ્રાતા બાબુભાઈ, બ્ર.કુ. ફાલ્ગુનીબેન, બ્ર.કુ. સોનલબેન.



સુરત ઉધના ખાતે V R Mall થીએટરમાં 'ધ લાઈટ' ફિલ્મના પ્રમોશન શૉ સમયે ફિલ્મ વિશેની સમજૂતી આપતાં બ્ર.કુ. રચનાબેન તથા દર્શકગણ.




ગોધરામાં શિવરાત્રી નિમિત્તે 'વિશ્વ કલ્યાણ મહોત્સવ'માં પધારેલ નગર સેવાસદનના પ્રમુખ ભ્રાતા જયેશભાઈ ચૌહાણ, શ્રી સેવા સંસ્થાના સભ્ય અને પત્રકાર ભ્રાતા પ્રદીપભાઈ, બ્ર.કુ.સુરેખાબેન તથા બ્ર.કુ. શૈલેષભાઈ.



દાહોદમાં 'શિવધ્વજ' લહેરાવતા MLA ભ્રાતા કનૈયાભાઈ કિશોરીજી, રામજી મંદિરના મહામંડલેશ્વર જગદીશ મહારાજ, ડૉ. બી.કે.પટેલ, ઉદ્યોગપતિ શ્રેયસભાઈ શેઠ, બ્ર.કુ. સુરેખાબેન, બ્ર.કુ. કપિલાબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૭ | મે - ૨૦૨૪ | અંક : ૦૫

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**

## અમૃતસૂચિ


- ખુશી ..........................................તંત્રી સ્થાનેથી ..04
- પરમાત્મ ઉર્જા .........................દાદી હૃદયમોહિનીજી ..07
- અમૃતધારા - સેન્સીટીવ નેચર ............દાદી જાનકીજી ..08
- સદા ખુશ રહેવાનો ઉપાય ................બ્ર.કુ. ગીતાબેન ..09
- બદલતા સમયમાં શું આપણે ..............બ્ર.કુ. જગદીશ ..10
- ઈશ્વરીય શક્તિથી જ મળશે વિજય ............બ્ર.કુ. સૂર્ય ..12
- માયા શું છે ? અને રાવણ શું છે? .........બ્ર.કુ. ઉષાબેન ..14
- દિવ્યદર્શન - સકારાત્મક - આધ્યાત્મિક ...બ્ર.કુ. નંદિની ..15
- પતિત પાવન કોણ? .........................બ્ર.કુ. જગદીશ ..16
- દાદી કમલસુંદરીજી .............................બ્ર.કુ. હેમંત ..18
- ઈશ્વરીય કાર્યમાં સહયોગી.....................બ્ર.કુ. વિવેક ..24
- આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહ ...............બ્ર.કુ. સંધ્યા ..25
- સ્વભાવ ........................................બ્ર.કુ. મધુબેન ..26
- કવિતા - બાકી...............................બ્ર.કુ. જૂનાગઢ ..27
- અંતિમ સમાધાન માફી છે ........................................28
- આપણે કોઈને માફ શા માટે ના કરીએ?બ્ર.કુ. વિનાયક ..30
- શબ્દાવલી......................................................33



### 2024ના લવાજમના દર

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |



તંત્રી કાર્યાલયનું બદલાયેલું સરનામું
કૃતિઓ મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
D-202, સાગર રેસીડન્સી,
PDPU રોડ, જાન્વી ફાર્મ સામે, રાયસણ,
ગાંધીનગર - 382007 **M. 99798 99104**



**મુદ્રક અને પ્રકાશક**
**ભારતી રણછોડદાસ સોમૈયા**


### -:- વિશેષ નોંધ -:-

સેવાકેન્દ્ર દ્વારા થયેલ સેવાઓના ઓરીજનલ હાઈ રેઝેલ્યુશન વાળા ચોખ્ખા, વ્યવસ્થિત, યોગ્ય ફોટા સાથે મહેમાનોનું આખું નામ, બરોબર હોદ્દો, કાર્યક્રમની સંપૂર્ણ વિગતો સાથે ગુજરાતી જ્ઞાનામૃતના ઈ-મેલ ઉપર જ મોકલવાના રહેશે. જે અગ્રતા ક્રમે ફોટા મળે, તમામ પ્રકારે ફોટાની ગુણવત્તાના આધારે નાના-મોટા બધા સેવા કેન્દ્રોને યથાયોગ્ય સ્થાન આપવાનો પૂરો પ્રયત્ન રહે છે. જે મોબાઈલથી ફોટા પાડ્યા હોય તે મોબાઇલની ગેલેરીમાંથી જ ઓરીજનલ ફોટા હાઈ ક્વોલિટીમાં ઈ-મેલમાં એટેચ કરવા. તમે whatsappમાં મોકલેલા કે કોઈએ ફોટા પાડીને તમને whatsappમાં મોકલાવેલ અથવા કોઈના ફોરવર્ડ કરેલા ફોટા ક્યારે મોકલવા નહીં. whatsappથી મોકલાવેલા ફોટાની પ્રિન્ટિંગ ક્વોલીટી બરોબર હોતી નથી. જે પ્રકાશનમાં કદાપિ લેવાશે નહીં


### જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

### પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# ખુશી

આત્માના સાત ગુણોમાં આનંદનો સમાવેશ થાય છે. તેનો પર્યાયવાચી શબ્દ ખુશી છે. ખુશી એ આંતરિક સ્થિતિ છે. સ્વયં ખુશ રહીને બીજાઓને ખુશી આપીશું તો આપણે ખુશમિજાજ રહી શકીશું. માટે જ કહેવાય છે કે ખુશી જેવો ખોરાક નથી.

### શ્રીમત

બાબાએ કાયમ ખુશ મિજાજ રહી શકીએ તે માટે શ્રીમતના યથાર્થ પાલનની વાતો કહી છે. જે સાકારવાણીઓ અને અવ્યક્તવાણીઓમાં આવે છે. બાબાએ જેમને નિમિત્ત બનાવ્યાં છે. તેવાં દાદીઓ, દીદીઓ અને દાદાઓની કહેલી વાતો, માર્ગદર્શન બની જાય છે. તે પણ શ્રીમત છે. બાબાની શ્રીમત છે પવિત્ર બનો, રાજયોગી બનો, દેહ અને દેહના સંબંધોમાંથી આસક્તિ કાઢીને માત્ર મનેજ યાદ કરો. બાબાએ અમૃતવેળાનો યોગ, નિયમિત મુરલી શ્રવણ, નુમાશામનો યોગ, સંગદોષથી અને અન્નદોષની મુક્તિની વાત કહી છે. જો આપણે આ મુખ્ય ધારણાઓ ઉપર અચલ, અડોલ, રહીશું તો સદા ખુશીમાં રહી શકીશું.

રામની પ્રસન્નતા અને સદાની ખુશીની ઘટના છે. અયોધ્યા પરત આવતાં તેમના સ્વાગતમાં કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી હતાં. રામે પ્રથમ કૈકેયીને પ્રણામ કર્યા અને કહ્યું કે હે માતા! ક્ષોભ પામશો નહીં. તમે મને વનવાસ મોકલવામાં નિમિત્ત બન્યાં. તમે આ રીતે મારા ઉપર ઉપકાર કર્યો છે. તેમાંથી મને કેટલું જાણવા મળ્યું છે તે સાંભળો.

હે માતા! મારા પિતા મારા ઉપર કેટલો બધો સ્નેહ રાખતા હતા કે તેઓ મારા ગયા પછી આઘાતમાં મૃત્યુ પામ્યા. સીતાની શોધ કરવામાં મને હનુમાનજીનો સાથ મળ્યો. એમના બળનું મને જ્ઞાન થયું. વળી મને સુગ્રીવના મૈત્રી ભાવનો પરિચય થયો. પત્નીને ઘેર મૂકી મારી સેવામાં રહેલા ભાઈ લક્ષ્મણની ભક્તિનો મને પરિચય થયો. અગ્નિ પરીક્ષામાંથી પસાર થયેલાં સીતાના પતિવ્રતાની મને અને વિશ્વને પ્રતીતિ થઈ. વળી રાવણ સાથેના યુદ્ધમાં મારા બાહુબળનો મહિમા મને સમજાયો અને દુશ્મન કેવો હોય, તેના વેરભાવનો પરિચય થયો. વળી ભરતની ત્યાગ ભાવનાનો પરિચય થયો. આ બધું મને તમારા ચરણની કૃપાથી જ મળ્યું છે. રામની મહાનતાને રામજન્મભૂમિ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે સમગ્ર દેશ અને વિદેશમાં વસતા ભારતીય મૂળના લોકોનો અવર્ણનીય ઉમંગ ઉત્સાહ રહ્યો હતો.

### સ્વનું સૂક્ષ્મ અવલોકન

સાધકને પોતાની ખામીઓ, ખૂબીઓનું, ગુણોનું જ્ઞાન હોવું જોઈએ. મારી ખુશીમાં અવરોધરૂપ બનતી ખામીઓ મારે દૂર કરીને સદા ખુશીમાં રહી શકીએ તેવો પુરુષાર્થ કરીએ.

### ખુશીના સંકલ્પો કરો

આપણને ભિન્ન ભિન્ન સંકલ્પો આવતા હોય છે. તેમાંથી માત્ર ખુશીના સંકલ્પો જ કરો. દા.ત. બાબા મળ્યા જ્ઞાન મળ્યું, રાજયોગ દ્વારા જીવન જીવવાની કળા શીખ્યા વિકારો, વ્યસનો, દૂર્વૃતિઓ ઉપર વિજય મેળવ્યો. 21 જન્મની બાદશાહી અને સતયુગમાં નંબરવાર પુરુષાર્થ અનુસાર સ્થાન મળવાનું છે. સતયુગના મહેલો, દેવીદેવતાઓ, સરિતાઓ, ઉધાનો, પુષ્પક વિમાન અને સ્વર્ગની સુંદરતા મનમાં સંકલ્પો કરી અને

તેને દૃશ્યોના રૂપમાં જુઓ. પોતાના ભાગ્યનું ગુણગાન કરો તો ખુશીમાં રહેશો.

## ઈચ્છા માત્રમ્ અવિદ્યા

જીવનને આધ્યાત્મિક દૃષ્ટિથી ઊર્ધ્વગામી બનાવે તેવી ઈચ્છાઓ આવશ્યક છે. પણ ધન, સત્તા, સંપત્તિ, માન-પ્રતિષ્ઠા, ગાડી, બંગલો, અદ્યતન ફર્નીચર જેથી ભૌતિક ઈચ્છાઓ આવશ્યક નથી. કબીરજી તો કહે છે ‘સાંઈ ઈતના દીજિયે જામે, કુટુંબ સમાય, મૈં ભી ભૂખા ના રહૂં સાધુ ભૂખા ન જાય.’ બ્રહ્માવત્સોએ જીવન નિર્વાહ માટે, લૌકિક - અલૌકિક કાર્યો માટે સન્માર્ગે ધન કમાવવું જરૂરી છે. પણ તેના અતિરેકમાં બાબા ભૂલાય ન જાય. દુનિયાના મહાન સ્ત્રી-પુરુષોની જેમ સંતુષ્ટતા રાખીને જીવવું. જ્યાં સંતુષ્ટતા છે, ત્યાં ખુશી છે, પ્રસન્નતા છે.

## અભાવોનું ચિંતન ના કરો, પ્રાપ્તિનો આનંદ માણો

માનવે ખુશી મેળવવી હોય તો કોઈની તુલનામાં ન પડવું. પડોશીઓ, સંબંધીઓ પાસે જે છે તે મારી પાસે પણ હોવું જોઈએ તેવી અપેક્ષા ના રાખો. દુનિયાના અનેક લોકો કરતાં આપણે ઘણા સુખી છીએ. ખુશ છીએ આપણી પાસે જે પણ કંઈ છે તેનો આનંદ માણો.

## ડ્રામાનું યથાર્થ જ્ઞાન

બાબાએ કહ્યું છે કે જ્ઞાનમાં હોંશિયાર છે અને જેને ડ્રામાની યથાર્થ ઓળખાણ છે. તે સદા ખુશ મિજાજ રહે છે. બાબાએ ડ્રામા વિશે કહ્યું છે. ‘આ દુઃખ-સુખ, હાર-જીતનું ઘણું સુંદર નાટક (ડ્રામા) બનેલું છે. આ ડ્રામામાં દરેક એક્ટર પોતાનો વિશેષ, પાર્ટ ભજવી રહ્યો છે. ડ્રામાના દરેક દૃશ્યને જોઈને સદા હર્ષિત રહો. તમે આ કલ્યાણકારી ડ્રામામાં કોઈને પણ દોષી બનાવી શકતા નથી. કારણે કે જે કંઈ પાસ્ટ થઈ ચૂક્યું છે તે જ થવાનું છે. ‘બની બનાઈ બન રહી અબ કુછ બનની નાહીં, ચિંતા તાકિ કીજીયે જો અનહોની હોય.’ એટલા માટે કોઈને પણ દોષ આપી શકતા નથી. ડ્રામાની ઘણી સુંદર ભાવિ બનેલી છે.

‘વાહ ડ્રામા વાહ’ યાદ રહે તો સદા ખુશ રહેશો. પુરુષાર્થમાં કદી ઉદાસીનતા આવશે નહીં. સ્વતઃ બાપ દ્વારા અનેકોની સેવા થઈ જશે. જે સેવા કરે છે તે સદા ખુશ મિજાજ રહે છે.

## જીવનની નૈયા પ્રભુ હવાલે

બાબા કહે છે કે બાળકો, તમે બધો બોજ ઉઠાવીને શા માટે ફરો છો. બધો બોજ મને આપી દો. જે નિશ્ચયબુદ્ધિ બાળકો છે બાબા પણ ડ્રામા અનુસાર બાળકોનો બોજ હળવો કરે છે. પણ તે માટે પરમાત્મામાં અપૂર્વ નિષ્ઠા અને શ્રધ્ધા હોવી જોઈએ.

## શ્રેષ્ઠ કર્મોનું ભાથુ

મનુષ્યે એવાં શ્રેષ્ઠ કર્મો કરવાં જોઈએ જેથી તેને પશ્ચાતાપ ન થાય, દુઃખ ન થાય. અંતિમ વિદાય વખતે શ્રેષ્ઠ, પુણ્ય કર્મોનું ભાથું લઈને જવાનું છે. આ ભાથું સંપન્ન હશે તો મોતનો ડર નહીં લાગે પણ હસતાં હસતાં આપણે પરમધામ જઈશું.

બીજી કેટલીક વાતો જે મહત્વપૂર્ણ છે. આપણું ઋણાનુબંધ, કર્મનો હિસાબ કિતાબ ચૂક્તે કરીએ. ધનથી અને ઋણાનુબંધથી કોઈની સાથે અણબનાવ થયો હોય તો તેની માફી માગી લઈએ.

એક મહત્ત્વપૂર્ણ વાત એ છે કે આપણે ઓછું બોલીએ, ધીરે બોલીએ, મધુર બોલીએ, કોઈને પ્રેરણા મળે તેવું કલ્યાણકારી બોલીએ અને મન પસંદ, પ્રભુ પસંદ, પરિવાર પસંદ બનીએ. તેથી પણ ખુશી મળે છે.

## જ્ઞાન-યોગની ગહનતા

આપણે જેટલાં જ્ઞાનમાં ઊંડા ઉતરીશું, જ્ઞાનને સૂક્ષ્મતાથી સમજીશું તો પ્રસન્ન રહી શકીશું. મીઠા બાબાએ જે જ્ઞાન આપ્યું છે તે સર્વશ્રેષ્ઠ છે. તમામ ધર્મોના જ્ઞાન કરતાં પણ શ્રેષ્ઠ છે. કારણ કે એવો કોઈ વિષય નથી કે જેનું સમાધાન બાબાએ ન આપ્યું હોય.

યોગની ગહનતા અને તીવ્ર પુરુષાર્થ અનિવાર્ય છે. એકાંતમાં રહીને, પ્રકૃતિની ગોદમાં જઈને કે સંગઠિત રૂપે યોગ ભઠ્ઠીમાં જોડાઈને યોગના ઊંડાણમાં જઈએ છીએ તો આપણને આપણું ચિત્ર સ્પષ્ટ દેખાશે. વિકર્મોને ભસ્મ કરવા, જ્વાલા સ્વરૂપ યોગની જરૂર છે. એટલું જ નહીં યોગની ભિન્ન ભિન્ન અવસ્થાઓ, બિંદુરૂપની અવસ્થા અને મનસા સેવા પણ જરૂરી છે.

## ફોલો ફાધર

બ્રહ્માબાબા સામે કોઈ મોડલ નહોતું આમ છતાં શિવબાબાએ એમને સંપૂર્ણ કર્માતીત બનાવી દીધા. આપણે પણ બ્રહ્માબાબાને ફોલો કરવાના છે. બાબાએ પરમાત્માની સતયુગી દુનિયાની સ્થાપનાનું કાર્ય શરૂ કર્યું. ત્યારે એમની સામે અનેક વિઘ્નો આવ્યાં. જે સમાજ આદર, સન્માન આપતો હતો તે વિરોધી બની ગયો. બાબા જેમને અનન્ય સમજતા હતા તે બ્રહ્માવત્સો ચાલ્યા ગયા. પીકેટીંગ થયું, કન્યાઓ માતાઓ ઉપર અત્યાચારો થયા. કોર્ટમાં કેસ થયો. વર્તમાન પત્રોમાં બદનામી થઈ. એમની હત્યા કરવાના પ્રયાસો થયા. બેગરી પાર્ટ આવ્યો. મમ્માએ શરીર છોડ્યું. પત્નીનું અવસાન થયું. પુત્ર નારાયણ યજ્ઞ છોડીને મુંબઈ ચાલ્યા ગયા.

દુનિયાના કોઈપણ માનવ સામે આવ્યાં ન હોય તેટલાં વિઘ્નો બાબા સામે આવ્યાં. પણ બાબાએ નિરાકારી, નિર્વિકારી, નિરહંકારી સ્થિતિ પ્રાપ્ત કરી. એમને કરેલી અનેક આગાહીઓ આજે સાચી પડી છે. વિશેષ ગૌરવની વાત એ છે કે મહાન પુરુષો પાછળ એમના અનુયાયીઓ એવા બની ના શક્યા. જ્યારે બાબાના પુરુષાર્થથી અનેક બ્રહ્માકુમાર-બ્રહ્માકુમારી બહેનો સમર્પિત થયાં. લાખો પરિવારો એમના પથ પર ચાલી રહ્યાં છે. સમગ્ર ભારત અને વિશ્વના 140 દેશોમાં સેવાકેન્દ્રો આવેલાં છે. તો બ્રહ્માબાબાને ફોલો કરીએ તો સદા ખુશમિજાજ રહી શકીશું.

॥ ॐ શાંતિ ॥

**- બ્ર.કુ. કાલિદાસ**

---

**(પેજ નં. 08નું અનુસંધાન)... અમૃતધારા**

તો સદા સફળતા જોઈને કહેશો કે મારું ભાગ્ય છે. પુરુષાર્થ કરીને ભાગ્યવાન બનો તો જરૂર મળશે. તો વિચારવાની રીતને ઘણી સારી રોયલ સુંદર બનાવવાની છે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 09નું અનુસંધાન)...સદા ખુશ રહેવાનો**

અભિમાની સ્થિતિમાં સ્થિત છો, તો આપને તરત જ એની વાતોનો પ્રભાવ પડશે નહીં. કોઈ દુ:ખની વાત કરે છે, કોઈ એકસીડન્ટની વાત કરે છે વળી કોઈ સમસ્યાની વાત કરે છે. આજે દરેકના મનમાં શું છે તે બતાવો? આજ વાતો છે ને. જો આપ પણ કોમન લેવલ પર છો તો આપને પ્રશ્નો પૂછવાનું મન થશે. કોઈ ચીજ ફૂટી ગઈ તો ચીજના માટે તમારી અવસ્થા બગાડશો નહીં. આપણે દરેક વાતની સંભાળ રાખવાની છે. જો આપણે અચલ, અડોલ બનીશું તો આપણે સદા ખુશ રહી શકશો.

**॥ ઓમશાંતિ ॥**

# પરમાત્મ ઉર્જા

## રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ



અવાજથી પરે રહેવાની સ્થિતિ પ્રિય લાગે છે કે અવાજમાં આવવાની સ્થિતિ પ્રિય લાગે છે. કઈ સ્થિતિ એકઠી રહી શકે છે. એનો અનુભવ છે. આ અનુભવ કરતી વખતે કયો ગુણ પ્રત્યક્ષ દેખાઈ આવે છે. - ન્યારા અને પ્યારા. આ અવસ્થા એવી છે જેમાં બીજમાં સમગ્ર વૃક્ષ સમાયેલું છે. સંગમયુગમાં વિશેષ ગુણોની મહિમા કરીએ છીએ. એ સર્વગુણ આ સમયે અનુભવમાં આવે છે. કારણ કે માસ્ટર બીજ રૂપ પણ છીએ અને નોલેજફુલ પણ છીએ. તો માત્ર શાંતિ નહીં, શાંતિની સાથે સાથે જ્ઞાન, અતીન્દ્રિય સુખ, પ્રેમ, આનંદ, શક્તિ આદિ આદિ મુખ્ય ગુણોનો પણ અનુભવ થાય છે. ન માત્ર આપણને પણ અન્ય આત્માઓને પણ આવી સ્થિતિમાં સ્થિત થયેલ આત્માના ચહેરામાં આ સર્વ અનુભવ કરે છે. જેમ કે સાકાર સ્વરૂપમાં કેવો અનુભવ કર્યો.

બ્રહ્માબાબામાં એક જ સમયે સર્વગુણ અનુભવમાં આવતા હતા. કારણ કે એક ગુણમાં સર્વગુણ સમાયેલા છે. જેમ અજ્ઞાનતામાં એક વિકાર સાથે અન્ય વિકારોનો ગહન સંબંધ છે. જો કોઈ એમ કહે કે મારી સ્થિતિ જ્ઞાનસ્વરૂપ છે. તો જ્ઞાન સ્વરૂપની સાથે સાથે અન્ય ગુણ પણ તેમાં સમાયેલા છે. જેને એક શબ્દમાં કઈ અવસ્થા કહીશું? માસ્ટર સર્વ શક્તિવાન. આવી સ્થિતિમાં સર્વશક્તિઓની ધારણા થાય છે. તો આવી સ્થિતિ બનાવવી તે છે સમાનતા, સંપૂર્ણતાની સ્થિતિ. આવી સ્થિતિમાં સ્થિત થઈને સર્વીસ કરો છો? સર્વીસ કરતી વખતે જ્યારે સ્ટેજ પર આવો છો પછી સ્થૂળ સ્ટેજ પર આવો. એનાથી કેવો અનુભવ થશે? સંગઠન વચ્ચે હોવા છતાં પણ અલૌકિક આત્મા દેખાશે. અત્યારે સાધારણ સ્વરૂપની સાથે સાથે સ્થિતિ પણ સાધારણ દેખાઈ આવે છે. પરંતુ સાધારણ રૂપમાં હોવા છતાં અસાધારણ સ્થિતિ તથા અલૌકિક સ્થિતિ સંગઠન વચ્ચે જેમ અલ્લાહ લોક દેખાઈ આવશો.

શરૂ શરૂમાં આવી સ્થિતિનો નશો રહેતો હતો. જેમ સિતારા (તારા)ઓના સંગઠનમાં જે વિશેષ સિતારાઓ હોય છે એમની ચમક, ઝલક દૂરથી જ ન્યારી અને પ્યારી લાગે છે. તો આપ સિતારાઓ પણ સાધારણ આત્માઓની વચ્ચે એક વિશેષ આત્મા દેખાય દો છો. જ્યારે કોઈ અસાધારણ વસ્તુ, સામે આવે છે તો ન ઈચ્છવા છતાં બધાનું ધ્યાન તે તરફ જાય છે. તો આવી સ્થિતિમાં સ્થિત થઈને સ્ટેજ પર આવો તો લોકોની નજર આપ લોકો પર સ્વાભાવિક રીતે જ આવશે. સ્ટેજ સેક્રેટરી આપનો પરિચય આપે કે ન આપે પણ આપની સ્ટેજ જ સ્વયંનો પરિચય આપે.

શું હીરો ધૂળમાં છુપાયેલો રહી શકે છે તે સ્વયં પોતાનો પરિચય આપતો નથી. તો સંગમયુગ પર હીરાતુલ્ય જીવન પોતાનો પરિચય સ્વયં જ આપી શકે છે. અત્યાર સુધીનું પરિણામ શું છે? ખબર છે? હવે કેવા તુલ્ય બન્યા છો? ભાષણ આદિ જે કરો છો એનું પરિણામ કેવું દેખાય દે છે? વર્તમાન સમયે જે નંબર વન પ્રજા છે તે પણ થોડી નીકળે છે. સાધારણ પ્રજા વધારે નીકળે છે. હવે સાધારણ રૂપમાં અસાધારણ સ્થિતિનો અનુભવ સ્વયં પણ કરો અને બીજાઓને પણ કરાવો.

(અનુસંધાન પેજ નં. 11 પર)

### અમૃતધારા

# સેન્સીટીવ નેચર છોડો ઈનોસેન્ટ બનો

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



સેન્સીટીવ નેચર બે પ્રકારની છે એક પોઝીટીવ-રૂપમાં લઈએ તો ઘણા આગળ વધી શકીએ છીએ. બીજો સેન્સીટીવ નેચરવાળા જલદી ઉતાવળા બની જશે. કોઈના ભાવને પણ સમજશે નહીં. એમનામાં ધીરજ હોતી નથી. સમજવાની કોશિશ પણ કરતા નથી. એનાથી બહુ નુકસાન થઈ જાય છે. હવે તેનું પરિવર્તન કરવાનું છે. કોઈપણ વાતમાં સિદ્ધ કરવાની કોઈ જરૂર નથી.

જ્ઞાની-યોગી તુ આત્માનું વાસ્તવમાં એ ચિન્હ છે કે જે સેકંડમાં વાયબ્રેશન્સથી પણ ડીટેચ થઈ જાય. ઈશારાને પકડી પાડે. જે રીતે વાયરલેસ કેચ કરી લે છે. અજબ લાગે છે અવાજ અંદર ઘૂસી જાય છે. એ રીતે આપણે જેટલા સાયલેન્સમાં જઈએ છીએ બુદ્ધિ મહીન (સૂક્ષ્મ) બનતી જાય છે. જેથી બીજાં કોઈ વાયબ્રેશન્સ અંદર ઘૂસી શકતાં નથી. કોઈની ગમે તેવી ભાવના હોય અંદર ટચ નથી કરી શકતી. એના માટે બુદ્ધિ એટલી સ્વચ્છ, સાફ, ક્લીન હોય જે દરેક વાત કેચ કરી શકે. દિનપ્રતિદિશ સમય એવો આવી રહ્યો છે. બાબાના દિલમાં જે આપણા પ્રત્યે હોય તે સેકંડમાં કેચ કરી લઈએ.

બીજું એક બીજાની ભાવનાઓને પણ કેચ કરી લઈએ. સર્વ પ્રત્યે શુભ ભાવના, કલ્યાણની ભાવના રહે. ભલે તેનામાં બીજું કંઈ હોય, પરંતુ મારી કલ્યાણની ભાવના રહે, એવી આપણી નેચર બની જાય.

ત્રીજું સેવામાં આત્માઓને જે જોઈએ તે ફટ મળતું જાય. જે ચીજ સાયન્સથી નીકળે છે તે ચીજ માત્ર એના માટે થોડી છે, તે સર્વ માટે કામમાં આવે છે. આવું આપણા સમગ્ર બ્રાહ્મણ પરિવારમાં બની જાય તો ઘણું સારું રહેશે. કોઈપણ વાતમાં કોઈપણ ઘડી, કોઈની સાથે એ ખ્યાલ નથી રહેતો કે કહું યા ન કહું? ખબર નહીં કેવું રીએક્શન આવશે તો આ જે ખ્યાલ છે તે એક પ્રકારનો સાધારણ ખ્યાલ છે. એનાથી પણ ફ્રી થઈ જાઓ તો ખ્યાલ શ્રેષ્ઠ અને કામલાયક બનશે. એના માટે એક તો યાદમાં રહો, બીજું સર્વીસમાં પરસ્પર એક બીજાને સહયોગ આપો. જેનાથી બહારવાળા લોકો પણ માનશે આ ગેરંટી છે.

હિંમત, સત્યતા અને વિશ્વાસ ત્રણે એક સમાન હોય. હિંમત છે પણ સત્યતાનો થોડો અભાવ છે હિંમત અને સત્યતા છે તો આત્મ-વિશ્વાસ યા બાબામાં વિશ્વાસ નથી. પરંતુ જ્યારે ત્રણે એકદમ પાવરમાં આવી જાય છે. તો આ લાઈફ(જીવન) સારી લાગે છે. ચાલો પોતાનામાં વિશ્વાસ નથી, તો બાબા કરશે એ વિશ્વાસનો અવાજ હોય. તો ત્રણે એકઠાં થતાં સર્વ સહજ બની જાય છે. કોઈ મોટી વાત નથી. આપણી અંદર વિચારવાની રીત જેવી હશે. આપણા બોલ જેવા હશે એમાં સત્યતા અને વિશ્વાસ કામ આવશે. આજકાલ બહુ વિચારવાની પણ જરૂર નથી. ભગવાન પર શ્રધ્ધા રાખો. કરનાર બેઠા છે. અંદરમાં સૌ સેન્સીટીવ નેચર છોડીને આ રીતે ચાલો તો ઝડપી પુરુષાર્થ કરીને સફળતા મેળવશો.

(અનુસંધાન પેજ નં. 06 પર)

# સદા ખુશ રહેવાનો ઉપાય - અવસ્થાને અચલ અડોલ બનાવો

બ્ર.કુ. ગીતાબેન, શાંતિવન, આબુરોડ



લૌકિકમાં જ્યારે આપ અનુભવ કરો છો કે અમે ફલાણા કુળના છીએ, અમારું તો ઘણું માન સન્માન છે. આ અનુભવ થાય છે તો એ રોયલ્ટીથી મનુષ્ય ચાલે છે ને કે ભાઈ અમારા ઘરમાં એવું થઈ શકતું નથી. અમારા ખાનદાનમાં આવું ચાલતું નથી, અમારા સમાજમાં તો આવા નિયમ છે. તે લૌકિક અનુભવ છે આ અલૌકિક અનુભૂતિ છે કે અમે કોણ છીએ? કોનાં બાળકો છીએ? અને કયા કાર્ય માટે આપણે નિમિત્ત છીએ. જો આ અનુભૂતિ છે તો કોઈ ગમે તેવો હોય, ગમે તેવા સ્વભાવ-સંસ્કાર હોય તો મારે કેવો વ્યવહાર કરવાનો છે. સમજદારીથી, અલૌકિકતાથી વ્યવહાર કરવાનો છે.

જો આપણે જ્ઞાનસ્વરૂપ છીએ તો આપણે આ રીતે વિચારીશું. રીએક્શન નહીં આવે અને આપનો વ્યવહાર સારી રીતે ચાલશે. પણ જ્ઞાન હોય. એટલે બાબા, દાદીઓ, બહેનો કહે છે કે રોજ ક્લાસ કરો, રોજ સેન્ટરમાં જઈને મુરલી સાંભળો. કારણ કે આપણે જ્ઞાનરત્નોથી ભરપૂર છીએ તો આપણી મનસા વ્યવસ્થિત રહેશે. એણે આમ આમ કહ્યું એટલે હું ડીસ્ટર્બ થઈ ગઈ? પણ શા માટે થઈ ગઈ? મારે કેવા થવાનું છે? બોલ્યાં તો તે છે ને, એમની વાણી ખરાબ હતી. તો મારે મારી અવસ્થા શા માટે બગાડવી જોઈએ. મેં એવું કર્યું નથી, હું એવી છું નહીં. તો હું શા માટે સ્વીકાર કરું? બાબા કહે છે ને કે આપસમાં એકબીજાને કંઈ કહીએ છીએ કે તે તો બિલકુલ બુદ્ધુ છે. તો એ ટાઈટલ એકદમ લાગી જાય છે કે મને બુદ્ધુ કહ્યો. શું સમજે છે? મને મૂર્ખ કહ્યો. મનુષ્યે આપેલા ટાઈટલથી લાગી આવે છે અને બાબા કેટલાં ટાઈટલ આપે છે? તે આપણને લાગી આવતું નથી. ત્યાં કહીશું મને ખરાબ લાગ્યું. કારણકે આપણે હજુ સુધી આપણું લેવલ સાધારણ રાખ્યું છે. આપણે આપસમાં આગળ આવ્યા નથી. આપસમાં કોમન જ બની રહ્યા છીએ એટલે એક-બીજાની વાતથી ખોટું લાગે છે. પણ આપ જ્ઞાનસ્વરૂપ બની જાઓ, સેન્સીબલ બની જાઓ. આપ પોતાની રુહાનિયતમાં સ્થિત થઈ જાઓ.

ભલે આપણે મળીને પુરુષાર્થ કરવાનો છે. સંગઠનમાં રહેવા છતાં બાબા કહે છે કે વ્યક્તિગત પુરુષાર્થમાં રહો. પોતાની જાતને વધારે રુહાની બનાવો, અલૌકિક બનાવો, એના માટે બાબાએ આપણને જે ટાઈટલ આપ્યાં છે તે વારંવાર યાદ કરો. એવો અનુભવ કરો કે હું જ્ઞાની તૂ આત્મા છું. સત્ય જ્ઞાની આત્મા છું. જો કે દુનિયામાં ઘણા લોકો ભણેલા ગણેલા છે પરંતુ આત્માની સ્થિતિને ઉચ્ચ, શુદ્ધ, શક્તિશાળી, એકરસ બનાવવી તે જ્ઞાન તેમની પાસે નથી. આપણે સત્યજ્ઞાની આત્માઓ છીએ. આપણે પરમાત્મ - યોગી છીએ. હવે આપણો યોગ કોની સાથે છે? ડાયરેક્ટ ભગવાન સાથે. હવે આપણે આત્માઓમાં, દેવાત્માઓમાં, ધર્માત્માઓમાં યોગ લગાવતા નથી. હવે આપણે આપણો યોગ પરમાત્મા સાથે લગાડવાનો છે. તે પોતાની આ ઊંચાઈને, વાસ્તવિકતાને, સત્યતાને રીયલાઈઝ કરવાનું છે. આ રીતે આપણે આપણી અવસ્થા ઉચ્ચ બનાવી શકીએ છીએ.

કોઈ આપને મળવા આવે છે, આપ આત્મ

(અનુસંધાન પેજ નં. 06 પર)

# બદલતા સમયમાં શું આપણે બદલાય રહ્યા છીએ?

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



આપણે દરેક સમયે બદલાય રહ્યા છીએ. લોકો કહે છે કે અમે પરિવર્તિત થવાનું ઈચ્છતા નથી. પણ દરેક પળે આપણે બદલાય રહ્યા છીએ. કારણ કે દરેક ઘડી પરિવર્તનશીલ છે. ક્રિયા પ્રતિક્રિયા બનતી રહે છે. સમયના અનુસાર મનુષ્યે પોતે પરિવર્તિત થવું ઘણુ જરૂરી છે. પરંતુ જોવામાં આવે છે કે બુરાઈઓ તરફ આગળ વધવું તો માનવ માટે સહજ છે. પરંતુ સ્વયંમાં શ્રેષ્ઠ પરિવર્તન લાવવામાં લોકોને તકલીફ થાય છે. પરિવર્તન કરવાનો સંકલ્પ પણ મનુષ્ય લે છે, દા.ત. કોઈ તહેવાર હશે, નવા વર્ષની શરૂઆત હશે, કોઈ શુભ પ્રસંગ હશે તો કેટલાય સુંદર સુંદર સંકલ્પો લઈએ છીએ કે આજથી હું આ કરીશ નહીં. સારાં કાર્યો જ કરીશ, સૌ સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર કરીશ, કોઈને દુ:ખી નહીં કરું. પરંતુ તે શુભ અવસર વીતી ગયો, જૂનાં સંસ્કારો ધીરે ધીરે આપણા ઉપર કબજો જમાવવાનું શરૂ કરી દે છે પરિણામે પોતાના શ્રેષ્ઠ સંકલ્પો, પ્રતિજ્ઞાની વિસ્મૃતિ થાય છે. પછી એમ વિચારે છે કે હું જેવો છું તેવો સારું છું. પ્રેમથી ક્યાં કામ થાય છે. માત્ર સારું જ કરીશ તો આર્થિક વિકાસ કઈ રીતે થશે? તેથી પહેલાં હતા તેવા જ બની ગયા.

## પરિવર્તનનો સ્વીકાર કરો

પરિવર્તન એ પ્રકૃતિનો અટલ નિયમ છે, તેને કોઈ રોકી શકતું નથી. એટલે પરિવર્તનનો દરેકે સ્વીકાર કરવો જોઈએ. ચાહે સ્વેચ્છાથી યા મજબૂરીથી.

જીવનમાં દરેક સમયે આપણી પરીક્ષા થાય છે એટલે દરેક સમયે આપણે તૈયાર રહેવું જ પડે છે. આપણે સૌ એ પણ જાણીએ છીએ કે આપણે આ ધરતી પર જન્મ લીધો છે તો આપણું મૃત્યુ પણ નક્કી જ છે. તો આપણે આપણી અંતિમ પળોની પરીક્ષા માટે તૈયારી પણ કરવી પડશે. પછી તે જીવનની અંતિમ પળોની હોય કે સૃષ્ટિચક્રની અંતિમ પળોની હોય. પણ આ વાત લોકો શા માટે ભૂલી જાય છે. કારણ કે આપણે ભ્રમિત થઈ જઈએ છીએ. જો આપણને સદા યાદ રહે કે આપણે શરીર છોડવાનું છે તો પાપકર્મ થાય તેવું કોઈ કર્મ નહીં કરીએ. એવું ના સમજો કે મને ખબર પડી જશે કે હું એ દિવસે મરનારો છું. તો અત્યારથી જ કોઈપણ ખોટું કાર્ય કરીશ નહીં, સારાં કામો જ કરીશ. અંતિમ ઘડીની રાહ જોવી એ ભ્રમ છે. પોતાને છેતરવા બરાબર છે. કારણ કે આપણો શ્વાસ ક્યારે બંધ થઈ જશે તેનો કોઈ ભરોસો નથી. આપણે શું કરવાનું છે? બાબા (પરમાત્મા)એ આપણને જે કરવાનું કહ્યું છે તે કરવાનું છે. એના માટે કેટલાક ઈશ્વરીય નિયમ છે જેનું અનુસરણ કરવાનું છે.

## બદલીયે તો શું બદલીયે

બાબા કહે છે સર્વ દેહધારીઓની યાદ ભૂલીને મુજ એક નિરાકાર બાપ (પરમાત્મા)ને યાદ કરો. પોતાના દેહને પણ યાદ નહીં કરો. બધું ભગવાનને સોંપી દો, તો આપ સર્વ રીતે સ્વતંત્ર બનશો. વિકારોથી સ્વતંત્ર બનશો, બુરાઈઓથી સ્વતંત્ર બનશો, વ્યર્થથી સ્વતંત્ર બનશો. મનમાં આવે તે કરવું, વ્યસનોમાં ડૂબેલા રહેવું, પાપ કરવું આ કોઈ સ્વતંત્રતા નથી. પણ સ્વતંત્રતાના નામે

પાપ કરવાની સ્વચ્છંદતા છે. બાબા વારંવાર કહે છે નષ્ટોમોહા સ્મૃતિ સ્વરૂપ બનો. કારણ કે બધા વિકાર આવે છે મોહને કારણે. જો આપ પોતાની ઉન્નતિ ઈચ્છો છો તો સૌ પહેલાં 'મોહ' ઉપર જીત મેળવો. મોહ માત્ર વ્યક્તિ સાથે જ હોતો નથી પણ વસ્તુ, વૈભવ, સાધન, ખાણીપીણીની ચીજોમાં યા પોતાના વિચારોમાં પણ હોઈ શકે છે. મોહ એવી રીતે ખતમ થવો જોઈએ કે તેની રાખ પણ ના મળે. આ આપણી અંતિમ પરીક્ષા છે. બાબા કહે છે કોઈની પણ ગ્લાનિ ન કરો. કોઈના વિશે ખરાબ વિચારશો નહીં. બની શકે ત્યાં સુધી સૌને સંતુષ્ટ કરો. જેથી એમની દુઆઓ મળી શકે. દુઆઓ મેળવવી એ જીવનની મોટી ઉપલબ્ધિ છે. દરરોજ પોતાની ઉન્નતિનો ચાર્ટ ચેક કરો. સ્વયંના જજ બનો. સ્વયંના ડોક્ટર બનો. સ્વયંના ટીચર બનો. એ ચેક કરો કે હું પ્રતિદિન પ્રગતિ કરી રહ્યો છું? સદા મનમાં ઉમંગ ઉત્સાહ જોઈએ, કે મારે આગળ વધવાનું છે.

### આપને ખબર છે, છતાં પણ

બાબાએ કહ્યું છે કે આપ બાળકોમાંથી કોઈ હશે જે અંતિમ વિનાશ જોઈ શકશે. આપ જાણો છો કે અંતિમ વિનાશનો સમય કેવો હશે. સાંપ્રદાયિક તોફાનો થશે. લોકો ધર્મના નામ પર લડશે. જ્યારે વિનાશ થશે ત્યારે જીવવા માટે જે જરૂરી ચીજો છે તે પણ મળશે નહીં એ સમયે વાહનવ્યવહાર, સમાચાર આપવાની અર્થાત્ સંચારની સીસ્ટમ બંધ થઈ જશે, તો દુનિયાની કેવી પરિસ્થિતિ થશે. આપ તેનો અંદાજ લગાવી શકો છો. એ સમયે પરીક્ષા ગમે તે સ્વરૂપે આવશે. ભય, અસુરક્ષા અને ખરાબ ચિંતાઓના રૂપે ત્યારે આપે મનને એકાગ્ર કરવું પડશે. સ્થિર કરવું પડશે. યોગ યુક્ત રહેવું પડશે. વિદેહી અવસ્થામાં આનંદની સ્થિતિમાં રહેવું પડશે. આ બધું સંભવ ત્યારે બનશે કે જ્યારે આપને આ સમસ્યાઓમાં રહેવાનો અભ્યાસ હશે, લાંબા સમયનો અભ્યાસ હશે. આપણી અંતની સ્થિતિ જેવી હશે તેવી જ આપણી ગતિ થશે.

### આવા સમયે આપણે આપણી જવાબદારી નિભાવવી પડશે.

બાબાએ એ પણ કહ્યું છે કે વિનાશના સમયે પાંચ વિકાર અને પ્રકૃતિનાં પાંચ તત્ત્વો પણ પ્રહાર કરશે. તે પણ મોટા રૂપમાં આવશે. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર આ સૌ પરેશાન કરશે. એના પછી આસુરી શક્તિઓ સમાપ્ત થઈ જશે. પરંતુ એ પહેલાં વિકારી પણ આપને પરેશાન કરશે, આપની પાછળ પડશે પરંતુ જો આપ આત્મ-અભિમાની હશો અને પરમાત્મ - અભિમાની હશો તો એમને આપનું પ્રકાશનું રૂપ દેખાય દેશે. આપ દેવી-દેવી રૂપમાં દેખાય દેશો. આપ એ સમયે એવી શક્તિશાળી અવસ્થામાં હશો તો તેઓ આપની પાસે આવી શકશે નહીં. એ સમયે આપને યોગ બળથી મદદ મળશે. એટલે બાબા કહે છે, બાળકો, ફરિશ્તા બનો, અશરીરી બની, દેહી અભિમાની બનો. જો આપણે અત્યારથી જ તેની તૈયારી કરીશું તો પરીક્ષાનો સામનો કરી શકશો અને પાસ પણ થઈ જશો.

॥ ઓમશાંતિ ॥

---

(પેજ નં. 07નું અનુસંધાન)... **પરમાત્મા ઉર્જા**

બહિર્મુખતાની સ્થિતિમાં આવવા સમયે અંતર્મુખતાની સ્થિતિને પણ સાથે રાખો. આ નથી થતું. અંતર્મુખી બનો છો યા બહિર્મુખી બની જાઓ છો. પરંતુ અંતર્મુખી બનીને પછી બહિર્મુખ સ્થિતિમાં આવવું આ અભ્યાસ માટે પોતાના ઉપર વ્યક્તિગત ધ્યાન રાખો. બહિર્મુખતાનું આકર્ષણ અંતર્મુખ સ્થિતિ કરતાં વધારે હોય છે. એનું કારણ એ છે કે સદૈવ પોતાના શ્રેષ્ઠ સ્વરૂપના તથા શ્રેષ્ઠ નશામાં સ્થિત થતા નથી. એટલે સ્થિતિ પાવરફુલ બનતી નથી. ॥ ઓમશાંતિ ॥

# ઈશ્વરીય શક્તિથી જ મળશે વિજય

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



આપણે સૌ ઈશ્વરીય કાર્યોમાં સંલગ્ન છીએ. યુગ બદલવા માટે ભગવાન આ સૃષ્ટિ પર અવતરિત થયા અને કહ્યું કે હું કરન-કરાવનહાર છું, તમે મારા સાથી નિમિત્ત જેમ બ્રહ્મા-બાબા દ્વારા નિરાકાર શિવબાબાએ કાર્ય કર્યું, જ્ઞાન આપ્યું. તો બ્રહ્માબાબા કદી એ નથી કહેતા કે જ્ઞાન હું આપું છું. વાસ્તવમાં આ સત્ય હતું. બધું જ કાર્ય શિવબાબા દ્વારા થઈ રહ્યું છે. આ યજ્ઞ પણ એમણે રચ્યો, યજ્ઞમાં જે લોકો સમર્પિત થઈ રહ્યા છે તે એમના કાર્યને સંપૂર્ણ બનાવવામાં લાગેલા છીએ. જેમ રામાયણમાં છે હનુમાને રામનાં બધાં કાર્યો કર્યાં. જ્યાં કોઈ કાર્ય કરી શકતું નહોતું તે કામ હનુમાને ફટાફટ કરી દીધું. વગર કહ્યે કર્યું. આપણે પણ હનુમાન, મહાવીર છીએ. માયાને જીતનારા અને ભગવાનના કાર્યને સફળ કરનારા પણ છીએ. તો આ કાર્ય કરતાં આપણે એ યાદ કરવાનું છે કે ઈશ્વરીય શક્તિઓ આપણી સાથે કામ કરી રહી છે. ઈશ્વરીય જ્ઞાન આપણને પ્રાપ્ત થયું છે. આપણને સદ્વિવેક મળ્યો છે. આપણે તો નિમિત્તમાત્ર છીએ. ક્યાંક આપણને સફળતા મળે છે તો એમની શક્તિઓને કારણે પરંતુ આમાં આપણો પાર્ટ શું છે? આપણે જેટલા યોગ્ય બનીશું, એટલાં જ પરમાત્મા આપણો ઉપયોગ કરશે. હવે કોઈને બોલતાં જ ના આવડતું હોય અને ભગવાન એના તનમાં આવીને કહે કે હું બોલીશ તો મુશ્કેલીઓ પેદા થશે. તો શિવબાબાએ આપણને નિમિત્ત બનાવ્યા ઈશ્વરીય કાર્યો માટે. આપણે યાદ રાખીએ આપણે આ કાર્ય માટે નિમિત્ત છીએ. હું અને મારાપણું કદી ના આવવું જોઈએ. દુનિયામાં પણ આ ખેલ ચાલી રહ્યો છે. પોલીટીકલ પાર્ટીઓ અને દુનિયામાં હજારો સંગઠન છે. એ સૌમાં, પણ ક્યાંક ક્યાંક પરિવારોમાં, ફેક્ટરીઓમાં, કંપનીઓમાં મારું નામ કેમ થયું નહીં? મને શા માટે પૂછ્યું નહીં, મારા વિશે આ કેમ બોલ્યા, આ કામ તો મેં કર્યું. એનો યશ તો મને જ મળવો જોઈએ. આ કામ માત્ર હું જ કરીશ. મારા સિવાય કોઈ એને અડકી ના શકે. આ હું પણું આપણા જીવનને અભિમાનથી ભરી દે છે. અને આપણું તો ઈશ્વરીય સેવાનું કાર્ય છે. આમેય સંસારમાં દરેક મનુષ્યે દરેક કાર્યને સેવાનું કાર્ય સમજવું જોઈએ. પછી ભલે આપ પોલીટીકલ પાર્ટીમાં છો, સારા પદ પર છો આપણે સમાજની જનતાની, દેશની સેવા માટે છીએ. આપણું કામ છે સર્વને સુખ આપવું. સર્વની સમસ્યાઓનો હલ કરવો, એનાં બગડેલાં કાર્યને સુધારવાં. આપણે પણ આ સંકલ્પ આપણી અંદર રાખીએ તો આપણે દાતા છીએ. આપ્યા પછી આપણને લેવાની કોઈ ઈચ્છા ના હોય, પછી ભલે તે માન - સન્માનની વાત હોય, કે કંઈ લેવાની વાત હોય. કંઈક લઈને મનુષ્ય કંઈક આપે છે, તો આપવાનું મહત્ત્વ ઘટી જાય છે, પુણ્ય પણ ઓછું થઈ જાય છે. આપણે આના ઉપર બહુ ધ્યાન આપીશું. બાબાએ ઘણાં સારાં મહાવાક્યોનું ઉચ્ચારણ કર્યું છે. હું પણું આવ્યું તો ગુલદસ્તો કરમાઈ ગયો. સેવાઓનો ગુલદસ્તો કરમાઈ ગયો.

કોઈપણ નિમિત્ત આત્મામાં હું પણું આવે છે તો સેવાઓ સૂકાવા લાગે છે, કરમાવા લાગે છે. સેવાઓમાં હરિયાળી રહેતી નથી. ન તો સેવા

કરનારાઓને સુખ-શાંતિ, ખુશી અને પરમ સંતોષ પ્રાપ્ત થાય છે. આપણે આવી બાબતોથી મુક્ત થઈએ. આપણે તો મહાભારતમાંથી શીખતા હતા. બાળપણમાં શીખ્યું હતું કે પાંડવોની પાસે ઈશ્વરીય શક્તિ હતી તેથી તેઓ બહાદુર હતા. એટલે એમનો વિજય થયો. જેમણે મહાભારત સીરીયલ જોઈ છે એમને એ ખબર હશે કે જો ભગવાન સાથે ના હોય તો વિજય ના મળત. કર્ણ પણ બહાદુર હતો. તો ભીષ્મ પિતામહને મારવા, હરાવવા એ પણ અસંભવ હતું. દ્રોણાચાર્ય પમ મહાન યોદ્ધા હતા પરંતુ ઈશ્વરીય શક્તિઓના સહયોગથી અને ગંભીર કૂટનીતિથી પાંડવોનો વિજય થયો. જે દિવસથી આ શક્તિ ચાલી જાય છે. ત્યારે બળ ચાલ્યું જાય છે. મહાભારતના અંતિમ સીનમાં બતાવ્યું છે કે ભીમની ભુજાઓમાં બળ રહ્યું નહીં. યુધિષ્ઠિર પાસે ધર્મનું રાજ્ય ચલાવવાની શક્તિ રહી નહીં. અર્જુન રસ્તામાં ભીલોથી હારી ગયો. માટે કહેવાયું છે કે 'સમય, સમય બળવાન છે, નહીં મનુષ્ય બળવાન, કાબે અર્જુન લૂંટિયો વહી ધનુષ્ય વહી બાણ' પાંડવો પાસે ઈશ્વરીય શક્તિ હતી ત્યારે જ તેમનો વિજય થયો.

આપણે આ વાત ગહનતાથી આપણી અંદર સમાવી લેવાની છે. કેટલાક લોકોને બહુ દ્વિધા રહે છે. અમે બહુ સેવા કરીએ છીએ પણ કોઈ અમને જાણશે નહીં તો મજા કઈ રીતે આવશે? જે કંઈ કરતા નથી તેમનું નામ થઈ રહ્યું છે. અને જે સેવા કરે છે તેઓ ગુપ્ત છે. પરંતુ એ યાદ રાખવું જોઈએ કે જે ઘણું બધું કરીને ગુપ્ત રહે છે. એમને બળ બહુ મળે છે. એમને બહુ વધારે ભાગ્ય મળી જશે. અને જે થોડું કરીને નામ માનની પાછળ ભાગે છે એમને નામ મળી રહ્યું છે પણ એનું બળ અને ભાગ્ય ત્યાં જ સમાપ્ત થઈ જાય છે. દુનિયામાં પણ આવી વાતો પર આપણે ધ્યાન આપીએ. કર્માતીત બનવામાં સૌથી મોટી દીવાલ હું - મારાપણાની હોય છે. આ અનેક વ્યર્થ સંકલ્પોને કારણે બને છે.

જ્યાં સુધી આપણે સંસારમાં તારામારામાં લાગેલા રહીશું ત્યાં સુધી ન તો ઈશ્વરીય નશો ચઢશે, ન તો પોતાનાપણાની ફીલીંગ આવશે. બ્રહ્માબાબાએ શું કર્યું? 'અપને આપ સભી કુછ કરકે અપને આપ છિયાયા' આવી નિર્માણતા, નિરહંકારી સ્થિતિ મનુષ્યને નિરંતર આગળ વધારે છે. ઘણા સારા સુખ-શાંતિનો અનુભવ કરાવે છે. એક ઈશ્વરીય બળ અંદરમાં બની રહે છે જે સમસ્યાઓ સામે લડવાની તાકાત આપે છે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 14નું અનુસંધાન)... માયા શું છે?**

અધિકારી. પાંચ સ્થૂળ ઈન્દ્રિયો અને પાંચ સૂક્ષ્મ ઈન્દ્રિયો. સતયુગ અને ત્રેતાયુગમાં કદી યુદ્ધો થયાં નથી. બાબાએ આપણને સર્વગુણ સંપન્ન, સોળ કળા સંપૂર્ણ, મર્યાદા પુરુષોત્તમ, ડબલ અહિંસક દેવતા બનાવ્યા. આ સર્વ પ્રાપ્તિઓ અખૂટ હતી. સતયુગના વિસ્તૃત વર્ણનથી તો આપણે માહિતગાર છીએ.

રાવણ અર્થાત્ રડાવનાર. પાંચ વિકાર પુરુષના, પાંચ વિકાર સ્ત્રીના, આ દસ વિકારો રાવણનાં દસ મસ્તકો છે. રાવણમાં અહંકાર વિશેષ છે. જ્યાં સુધી આપણે રાવણને સંપૂર્ણ રીતે જીતીશું નહીં ત્યાં સુધી સંપૂર્ણ બનીશું નહીં. રાવણમાં કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને તેનાં સૂક્ષ્મ સ્વરૂપો હતાં.

પરમપિતા પરમાત્મા શિવ જેમને રામ કહેવાય છે તેઓ એ બ્રહ્માવત્સોને ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગનું શિક્ષણ આપ્યું. તેનાથી રાવણ પર વિજય મળ્યો. તેની સ્મૃતિમાં વિજયાદશમીનો તહેવાર ઉજવાય છે. **॥ઓમશાંતિ ॥**

# માયા શું છે? અને રાવણ શું છે?

બ્ર.કુ. ઉષાબેન, શાંતિવન, આબુરોડ



બાબાના મધુર મહાવાક્યોને આપણે સાંભળીએ છીએ, આત્મસાત કરીએ છીએ. પરંતુ વચ્ચે વચ્ચે બ્રાહ્મણો (બ્રહ્માવત્સો)ને માયા સતાવે છે. ત્યારે બાબા કહે છે બાળકો, માયાથી ખબરદાર રહેવાનું છે. રાવણ ઘણો જબરદસ્ત છે, મોટો દુશ્મન છે. તો મનમાં પ્રશ્ન ઉઠે છે કે માયા અને રાવણ એક જ છે કે અલગ અલગ છે. ક્યારેક બાબા કહે છે માયા મારી આજ્ઞાકારી બેટી છે. રાવણને બાબાએ કદી બચ્ચા કહ્યું નથી. તો મૂંઝાઈ જવાય છે. પણ માયા અને રાવણ બન્ને અલગ ચીજ છે. એક નથી. તો માયા કોને કહીશું? અને રાવણ કોને કહીશું? માયાને સ્ત્રીના પાત્રમાં બતાવવામાં આવી છે. રાવણને પુરુષના પાત્રમાં દર્શાવવામાં આવ્યો છે. બન્ને વિશે આપણે ચિંતન કરીએ તો બન્ને અલગ છે.

બાબા પણ કહે છે કે માયા મારી આજ્ઞાકારી બેટી છે. જ્યારે કોઈ બ્રહ્માવત્સ જ્ઞાનમાં ચાલે છે તો બાબા માયાને કહે છે કે જુઓ બ્રહ્માવત્સ કાચો છે કે પાકો છે? બજારમાં એક માટલું લેવા જાઓ તો તેને ઠોકી ઠોકીને ચકાશો છો, કે તે પાકુ છે કે કાચું છે? બસ આ રીતે બાબાએ જેને હાથમાં 2500 વર્ષનું રાજ્ય સોંપવાનું હોય ત્યારે તે કાચા બ્રહ્માવત્સને થોડું આપશે? બાબાને તો પાકા બાળકો જોઈએ.

ક્યારેક બ્રહ્માવત્સો એ ફરિયાદ પણ કરે છે કે એમને ભક્તિમાં જેટલી પરીક્ષાઓ આપવી પડી તેના કરતાં જ્ઞાનમાર્ગમાં વધારે પરીક્ષાઓ આવે છે. બાબાને થોડી વાતમાં સોડા વોટર બની જાય તેવાં બાળકો જોઈતાં નથી. બાબાને મજબૂત બાળકો જોઈએ છે. જે માયા સાથે, રાવણ સાથે યુદ્ધ કરીને વિજયી બની શકે. એટલે પ્રથમ દિવસ થી જ માયા પરીક્ષા લેવાનું શરૂ કરે છે. જ્યારે સાપ્તાહિક કોર્સ પૂરો થાય છે અને રોજ મુરલી ક્લાસમાં જવાનું શરૂ કરીએ છીએ તો પહેલાં ઘરવાળાં જ પૂછવાનું શરૂ કરે છે કે શું વાત છે? સવારે સવારે ક્યાં જાઓ છો? ઘરનું કામકાજ છે કે નહીં? માતાઓ અનુભવી છે કે પહેલા દિવસથી જ પરીક્ષાઓ શરૂ થઈ જાય છે. આમ છતાં નિશ્ચય બુદ્ધિ હોવાને કારણે મક્કમ રહે છે. પછી ધીરે ધીરે એ સમજે છે કે આ તો રોજ જવાના જ છે પછી બોલવાનું બંધ કરી દે છે. એના પછી ડુંગળી, લસણ છોડ્યાં તો પરીક્ષા આવવાની શરૂ થઈ ગઈ, ઘરવાળાં કહે છે આ કેવો નવો ધર્મ અપનાવ્યો છે? એવું ક્યાં લખ્યું છે કે આ બધું છોડી દો. હવે જે કાચા હશે તે જ્ઞાન છોડીને ચાલ્યા જશે. જે પાકા હોય છે તે મજબૂત રહે છે પરીક્ષાઓને સહજ રીતે, સહનશીલ બનીને પાર કરે છે. એટલે રામાયણમાં પ્રથમ સ્ત્રીનું પાત્ર આવે છે પહેલાં મંથરા, શૂપર્ણખા આવે છે પછી રાવણ આવે છે. એટલે બ્રાહ્મણ જીવન પૂરી રામાયણ છે. જેમાંથી આપણે પસાર થઈએ છીએ. આ બ્રાહ્મણ જીવન છે. વાલ્મીકિએ લખ્યું છે કે આ બ્રાહ્મણ જીવન કેવું હોય છે.

તો વાતોનો પ્રારંભ થાય છે રાજા દશરથથી, બાબાએ સૌથી પહેલાં આપણને દશરથ બનાવ્યા. અર્થાત્ સ્વઅધિકારી આત્મા. જેનું પોતાની સર્વ કર્મેન્દ્રિયો ઉપર આધિપત્ય છે. સતયુગમાં આપણે આવા આત્માઓ હતા. સંપૂર્ણ સ્વરાજ્ય

(અનુસંધાન પેજ નં. 13 પર)

## દિવ્યદર્શન

# જીવનમાં સકારાત્મકતા... આધ્યાત્મિકતા દ્વારા...

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

ભારત એક ધર્મપ્રધાન દેશ છે. દેશના બંધારણમાં પ્રત્યેક નાગરિકને તેમની પોતાની પસંદગી પ્રમાણેના ધર્મનું પાલન કરવાનો સમ્પૂર્ણ અધિકાર આપ્યો છે. તેથી અહીં વિવિધ ધર્મના લોકો ખૂબ પ્રેમભાવ અને સદભાવનાથી રહે છે. પ્રાચીન ઈતિહાસકારોના મતે આજે વિશ્વના અસ્તિત્વમાં રહેલા સર્વ ધર્મો, સંપ્રદાયના સ્થાપકો અને ધર્મપિતાઓએ તેમના ઉદ્દેશ્યમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, પ્રેમ એ સર્વોચ્ચ છે. માટે એવું માનવામાં આવે છે કે પરમાત્મા પિતાને પ્રેમ કર્યા વિના સર્જક એટલે કે પ્રભુપિતાનો પ્રેમ પામવો અઘરો છે.

માટે, ધર્મની શરૂઆત થાય છે મનુષ્ય માટે મનુષ્યના નિઃસ્વાર્થ પ્રેમથી. જેવી રીતે એક બાળકને ભણવામાં માર્ગદર્શન આપવા માટે સારા શિક્ષકની જરૂર પડે છે. એ જ રીતે સમાજને પણ ધર્મના મૂળ સિદ્ધાંતોને સમજવા માટે એક સારા આધ્યાત્મિક ગુરુ કે શિક્ષકની જરૂર પડે છે. આ કારણે જ ધાર્મિક ગુરુઓને તેમના સમુદાયમાં અંતરાત્મા વિવેકના રક્ષકના રૂપે જોવામાં આવે છે. અને તેમની પાસે શાસ્ત્રોના નૈતિક મૂલ્યોનું તેમના વ્યક્તિગત વ્યવહારિક જીવનમાં આચરણ થતું રહે તેવી અપેક્ષા પણ રાખવામાં આવે છે. પરંતુ જો તેઓ તેમના નૈતિક ધોરણોને જીવનમાં ઉતારવામાં કે જાળવવામાં નિષ્ફળ જાય તો સામાજિક અને આર્થિક અસંતુલનની દ્રષ્ટિએ દરેકને તેનું પરિણામ ભોગવવું પણ પડે છે. સાથે-સાથે માણસના મનમાં એક મોટો પ્રશ્ન ઊભો થાય છે કે હવે આપણને માર્ગદર્શન કોણ આપશે? એટલે જ કહેવાય છે કે, મીઠાનો સ્વાદ બગડી જાય ત્યારે બીજી કોઈ વસ્તુથી મીઠું કરવામાં આવે. એ જ રીતે જો ધર્મગુરુઓ નૈતિક વિવેક ગુમાવે તો સમાજના અંતરાત્માનો અવાજ શું હશે?

છેલ્લા કેટલાક વર્ષોથી સમગ્ર વિશ્વમાં મોટા પાયે કોમી રમખાણો થાય છે. જેના પરિણામે અનિશ્ચિતતા અને ભયનું વાતાવરણ બન્યું છે. આવી પરિસ્થિતિમાં જો વિશ્વના ધાર્મિક-આધ્યાત્મિક ગુરુઓ તેમના સમુદાયના લોકોમાં પરસ્પર પ્રેમની ધાર્મિક અવધારણાથી વાકેફ કરી શાંતિ અને સૌહાર્દ સાથે જીવન જીવવા માટે પ્રેરણા આપે, તો કોઈ પણ જગ્યાએ સાંપ્રદાયિક હિંસા કે રમખાણો થવાની સંભાવના રહેશે નહીં. ખરેખર તો આપણને હવે એવી દુનિયાની જરૂર છે કે જ્યાં સાંપ્રદાયિક સૌહાર્દ અને પરસ્પર ભાઈચારો હોય. તો હવે આપણે સૌએ જીવનમાં આધ્યાત્મિકતાને અવશ્ય સ્થાન આપવું જ પડશે. કારણ કે આજ એકમાત્ર કડી છે કે જેની ગેરહાજરી સમસ્યાઓનું કારણ બની છે. આધ્યાત્મિકતા અનુસાર શાંતિ દરેક આત્માનો સ્વધર્મ છે. જે શાંતિ આપણા સૌની અંદર છે પણ આજે વિડમ્બના એવી છે કે જે શાંતિ આપણી અંદર છે તેને આપણે તેને બહાર ભૌતિક જગતમાં શોધીએ છીએ. આધ્યાત્મિકતા દ્વારા ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને સમજી મનની રહેલી નકારાત્મકતામાંથી સ્વયંને હવે આઝાદ કરીએ, સાચી શાંતિ, આનંદની અનુભૂતિ કરી સદ્-ભાવનાના અમૂલ્ય હીરા દ્વારા સમગ્ર વિશ્વમાં સકારાત્મક ઉર્જા ફેલાવીએ.

॥ ઓમશાંતિ ॥

## પતિત પાવન કોણ? -

# પાણીની ગંગા કે પરમપિતા પરમાત્મા?

બ્ર.કુ. જગદીશભાઈ પટેલ, ઈસનપુર

અહીં પતિત અને પાવન બન્ને એકબીજાના વિરોધી શબ્દો છે. જીવાત્મા કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર જેવા પાંચ વિકારોથી જેટલા પ્રમાણમાં પ્રભાવિત હોય છે તેટલો તે તમોપ્રધાન કે પતિત ગણાય છે જ્યારે તેનાથી વિપરીત, જીવાત્મા જેટલા પ્રેમ, આનંદ, પવિત્રતા, શાંતિ જેવા દૈવી ગુણોથી સંપન્ન હોય તેટલો તે સતોપ્રધાન કે પાવન ગણાય છે. આ વિકારો કે દૈવી ગુણો આત્મા સાથે સંલગ્ન હોય છે, નહીં કે શરીર સાથે. આપણે જાણીએ છીએ કે શરીર અને આત્મા બંને ભિન્ન-ભિન્ન અસ્તિત્વ ધરાવે છે. શરીર પ્રકૃતિના પાંચ તત્વોનું બનેલું જડ છે, જ્યારે આ શરીરને ગતિ-શીલ ચલાયમાન રાખનાર આત્મા એ છઠ્ઠું તત્વ છે, જે ચૈતન્ય છે. જેવી રીતે રમકડામાં પાવર હોય તો જ તે ચાલે છે તેવી જ રીતે આ શરીરમાં પણ આત્મા રુપી પાવર હોય તો જ તે ચાલે છે. આત્મા જ કર્મેન્દ્રિયો દ્વારા કર્મ કરે છે અને કર્મનું ફળ પણ ભોગવે છે. તેથી જ આત્મા પતિત કે પાવન, પાપ આત્મા કે પુણ્ય આત્મા બને છે. શરીરમાંથી આત્મા રુપી પાવર નીકળી ગયા પછી આપણે તેને લાશ કે મડદુ કહીએ છીએ. પાપ, પુણ્ય, સ્વભાવ, સંસ્કાર સાથે આત્મા એક શરીર છોડી બીજું શરીર ધારણ કરી નવો જન્મ લે છે. જ્યારે શરીરને આપણે અગ્નિ સંસ્કાર કે ધરતીમાં સમાધિ આપીને પ્રકૃતિને પાછું સોંપી દઈએ છીએ.

ગીતા શાસ્ત્રમાં ભગવાન અર્જુનને કહે છે કે - હે ! અર્જુન, પાણીની ગંગામાં સ્નાન કરવાથી આ શરીરનો મેલ દૂર થાય છે જ્યારે આ જ્ઞાનરૂપી ગંગામાં સ્નાન કરવાથી આત્માનો વિકારો રૂપી મેલ દૂર થાય છે. ગીતાના અધ્યાય ૨ના શ્લોક નંબર ૨૩ પ્રમાણે આત્માને શસ્ત્ર છેદતા નથી, અગ્નિ બાળી શકતું નથી, પાણી સ્પર્શી શકતું નથી કે પવન સુકવી શકતો નથી. તો ગંગા સ્નાન કરવાથી પાપ કેવી રીતે ધોઈ શકાય? કારણ કે આત્માને તો પાણી સ્પર્શતું જ નથી. વર્તમાન સમયે ગંગા પોતે મેલી બની ગઈ છે. તેના કિનારે આવેલા અસંખ્ય શહેરોના ગટરોના ગંદા પાણી તેમજ કારખાનાઓના ઝેરી પાણી તેમાં છોડાય છે. માટે આ પાણી તો શરીરનો મેલ ધોવા માટે પણ યોગ્ય નથી તો આત્માનો મેલ તો ધોવાય જ ક્યાંથી?ગંગા નદીને શુદ્ધ કરવા માટે તો સરકારને પણ દર વર્ષે કરોડો રૂપિયા ખર્ચવા પડે છે. આ સર્વે જાણતા હોવા છતાં પણ કુંભના મેળામાં લાખો સાધુ, સંત, મહાત્માઓ પાપ ધોવા માટે ગંગા સ્નાન કરવા જાય છે.

વિદેશી પ્રવાસીઓને ભારતમાં લાખો લોકોને ગંગા સ્નાન કરતા જોઈને ઘણું આશ્ચર્ય થાય છે. ગંગાના પાણીનો લેબોરેટરી ટેસ્ટ કરતા વૈજ્ઞાનિકોને જાણવા મળ્યું કે, તેમાં એવા તત્વો આવેલા છે કે જેના લીધે આ પાણી વર્ષો સુધી વાસ મારતું નથી, તેમ જ તેમાં કોઈ બેક્ટેરિયા કે જીવાત ઉત્પન્ન થતા નથી. ગંગા નદીને આપણે એટલા માટે માતા કે પવિત્ર માનીએ છીએ કે તે જ્યાં હિમાલયથી નીકળે છે ત્યાં અસંખ્ય આયુર્વેદિક ઔષધીઓના વૃક્ષો આવેલા છે. આ વૃક્ષોના મૂળિયા ઘસાતા-ઘસાતા ઝરણાઓના પાણી ગંગા નદીમાં ઉમેરાય છે. આ ઉપરાંત હિમાલયના ખડકોમાંથી કેલ્શિયમ મેગ્નેશિયમ કે સોડિયમ

જેવા શરીર ઉપયોગી અનેક તત્વો તેમાં ઉમેરાતા હોવાથી તંદુરસ્તીની દ્રષ્ટિએ આ પાણી ખૂબ જ ઉત્તમ છે, તેમજ અનેક રોગોને મટાડવા માટે સક્ષમ છે.

એક રમુજી વાત યાદ આવે છે. એકવાર નારદ મુનિ ફરતા ફરતા ગંગા કિનારે આવી પહોંચે છે, હજારો લોકોને ગંગા સ્નાન કરતા જોઈને તેમણે પૂછ્યું કે આપ શું કરી રહ્યા છો, તો લોકોએ જવાબ આપ્યો કે અમે અમારા પાપ ધોઈ રહ્યા છીએ. નારદ મુનિએ ગંગાજીને પૂછ્યું કે આટલા બધા લોકોનું પાપ એકઠું કરીને તમે શું કરશો? તમારી તો દુર્ગતિ જ થવાની, તો ગંગાજી જવાબ આપે છે કે મારી પાસેથી તો આ બધું પાપ વાદળો લઈ જાય છે. આજ સવાલ વાદળોને કરતા તેઓ જણાવે છે કે અમે તો જેનું પાપ હોય તેના ઉપર વરસીને તેને જ પાછું આપી દઈએ છીએ. આમ ગંગા સ્નાનથી કંઈ પાપ  ધોવાતા નથી, પરંતુ ફક્ત શરીર જ ધોવાય છે.

જો ગંગા સ્નાન થી જ પાપ ધોવાતા હોય તો તેના કિનારે  હજારો ગામડાઓ આવેલા છે અને ત્યાંના લોકો રોજે રોજ આ પાણીથી જ સ્નાન કરે છે. જો એમ જ હોયતો તેમના પાપ તો રોજે-રોજ ધોવાઈ જ જાય અને પાવન બની જાય, પરંતુ જન્મથી મૃત્યુ સુધી પણ આપણે ગંગાના પાણીમાં સ્નાન કરતા રહીએ તો પણ પાપ ધોવાય નહીં, કારણકે ગંગામા મગર, માછલી, કાચબો, દેડકા જેવા અનેક જળચર પ્રાણીઓ જન્મથી મૃત્યુ સુધી તે પાણીમાં જ રહે છે.

જો એવું જ હોય તો આખું જીવન પાપ કરીને છેલ્લે ગંગા સ્નાન કરી ને પાપોથી મુક્ત ના બની જવાય? જો આમ જ હોય તો સરકારે પણ જેલોના બધા જ કેદીઓને ગંગા સ્નાન કરાવી પાપોથી મુક્ત કરી દેવા જોઈએ. પરંતુ પાપ કે પુણ્ય આત્મા સાથે સંલગ્ન હોવાથી પાણીથી ધોવાતા જ નથી, ફક્ત શરીર જ ધોવાય છે.

શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે ગંગા નદીને ભગીરથ રાજાએ આ ધરતી પર ઉતારી. હવે ગીતાના શરૂઆતના પૃષ્ઠ પર જોઈએ તો પાંચ ઘોડાવાળા રથનું એક ચિત્ર હોય છે. આ ચિત્ર પ્રતીકાત્મક છે, જેની નીચે લખેલું હોય છે કે પાંચ ઇન્દ્રિય પાંચ ઘોડા છે, મન સારથી અને બુદ્ધિ લગામ છે એવા આ રથને ચલાવનાર આત્મા રથી છે. માટે જ સ્મશાન યાત્રા નીકળે ત્યારે કહેવામાં આવે છે કે અર્થી નીકળી. અ-રથી એટલે આત્મા રથી વગરનું શરીર, લાશ કે ડેડ બોડી. ભાગીરથ એટલે એવો ભાગ્યશાળી રથ અથવા ભાગ્યશાળી શરીર જેમાં બિરાજમાન થઈને નિરાકાર પરમ પિતા પરમાત્મા તેના મુખ દ્વારા જ્ઞાનરૂપી ગંગા આત્માઓને પાવન બનાવવા માટે આ સૃષ્ટિ પર વહાવે છે. ભગવાન જે શરીરનો આધાર લે છે તેને તેઓ બ્રહ્મા નામ આપે છે. શિવલિંગ પર ટપકતું ગંગાજળ, જ્યાં શિવાલયની બહાર નીકળે છે ત્યાં એક ગૌમુખ હોય છે. જે શિવના વાહન નંદીનું મુખ હોય છે. નંદી એ બ્રહ્માજીનું પ્રતીક છે. સન ૧૯૩૭ થી પાકિસ્તાન સ્થિત સિંધ હૈદરાબાદમાં કૃપલાની સિંધી કુળમાં જન્મેલ દાદા લેખરાજના શ્રીમુખ કમળ દ્વારા નિરાકાર પરમાત્મા શિવજીએ આ જ્ઞાનગંગા વહાવી, તે આજે વિશ્વના ૧૪૦ થી વધારે દેશોમાં વહી રહી છે. પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના વિશ્વમાં ૮,૦૦૦થી વધારે સેવા કેન્દ્ર પરમપિતા પરમાત્માએ બ્રહ્મા દ્વારા સ્થાપેલ છે. આપ પણ નજીકના બ્રહ્મા- કુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સેવા કેન્દ્ર પર જઈને આ જ્ઞાનગંગામાં સ્નાન કરી પાવન બની શકો છો. આપને પાવન બનવા માટે હાર્દિક ઈશ્વરીય નિમંત્રણ છે. ॥**ઓમશાંતિ**॥

## એક જ સંગમયુગમાં ચાર જન્મોના અધિકારી 'દેવતા'

# દાદી કમલસુંદરીજી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



જો વ્યક્તિ અસાધ્ય રોગમાંથી સાજો થાય અથવા અકસ્માતમાં મરતા મરતા બચી જાય તો સ્વજનો નવા વસ્ત્રો ભેટ આપી શુભ-કામનાઓ આપે છે કે, 'તમને તો ઇશ્વરની કૃપાથી નવો જન્મ મળ્યો, હવે ભૂતકાળને ભૂલો અને ભગવાનનો આભાર માની જીંદગીની નવી શરૂઆત કરો.' એવી જ રીતે બ્રાહ્મણો જનોઈ ધારણ કરે એને બીજો જન્મ માનવામાં આવે છે અને ઈંડામાંથી બહાર આવ્યા પછી પક્ષીઓનો પણ બીજો જન્મ થાય છે. આથી, બ્રાહ્મણો અને પક્ષીઓને દ્વીજ એટલે કે બેવાર જન્મ લેનાર માનવામાં આવે છે. પરંતુ તમે કોઈના ચાર જન્મ સાંભળ્યા છે? નહિં ને! પરંતુ રાજયોગિની દાદી કમલસુંદરીજી પોતાનાં ચાર જન્મોની અલૌકિક કથા ખૂબ રુચિ અને રમણિકતાથી સંભળાવતા હતા. દાદી જીમધુર-રસદાર અવિરત વાણીથી દરેક જન્મનું હૂબહૂ સજીવ ચિત્રણ શ્રોતાઓની સામે જીવંત કરી દેતા હતા.

તો આવો, હવે સાંભળીએ કમલસુંદરી દાદીના ત્યાગ તપસ્યાની પ્રેરણાદાયક ચાર જન્મોની ગાથા તેમના જ મધુર શબ્દોમાં! દાદી પોતાનાં જન્મોંની કથા ખૂબજ રસપૂર્વક આ રીતે સંભળાવતા, 'સમગ્ર કલ્પમાં બ્રહ્મા મુખવંશાવલી બ્રાહ્મણનો જન્મ ખૂબ અજબ છે. મેં સંગમયુગમાં ચાર વખત જન્મ લીધો. પહેલો જન્મ શરીરનો! જે દરેક લે છે, તે પ્રથમ દૈહિક જન્મ! માતા-પિતા એ લગ્ન કર્યા,એ થયો મારો બીજો જન્મ, કારણકે કન્યા માટે લગ્ન એટલે એક ઘરમાંથી મરીને બીજા ઘરમાં નવો જન્મ લેવા સમાન જ છે, પિયર ઘરમાં છોકરીનું બેફિકર, નિશ્ચિંત, સ્વતંત્ર અને પવિત્ર જીવન સમાપ્ત થાય છે. સાસરે પરાધીન, ચિંતાયુક્ત, પરાવલંબી-પરતંત્ર જિંદગીમાં ડગલેને પગલે ત્યાગ કરી, કટાક્ષ સાંભળતા સહન કરવું પડે છે. કળિયુગમાં આ બે જન્મ લગભગ દરેક સ્ત્રીને લેવા જ પડે છે. હવે તમે વિચારતા હશો કે બીજા કયા બે જન્મ? એ હવે બતાવું.'

ઈશ્વરીય જ્ઞાન મળ્યું તો તે પણ ત્રીજો નવો જન્મ જ હતો. કારણકે પરમાત્માને પિતા માન્યા. ઈશ્વરને સદગુરુનાં રૂપમાં પામવાથી 'મામેકમ્ શરણમ્વ્રજ, સર્વધર્માન્પરિત્યજય' એ મંત્ર અનુસાર શિવ સાથે જીવનો નાતો જોડાઈ ગયો. ભક્ત મીરાંની જેમ વિકારી જગતની રૂઢિપ્રથાઓ અને લોકલાજને તિલાંજલી આપી, 'મારો તો એક ગિરધર ગોપાલ, બીજું ન કોઈ' એ વચન બુદ્ધિથી પાલન કરવા માટે પતિવ્રતા નારીની જેમ -પ્રભુ પ્રિયતમને મન મંદિરમાં સ્થાપન કરવા પડ્યા. વિકારી સંબંધો અને કર્મનાં ખાતાં ભૂલવા પડ્યા. આ એક રીતે મરવું પણ મુશ્કેલ અને નવો જન્મ લેવો એનાથી પણ વધુ મુશ્કેલ હતું! લૌકિક સંબંધીઓને ખુલ્લી આંખે જોવા છતાં, તમામ સંબંધો ભૂલીને આત્મિક સ્મૃતિમાં જીવવાનું હતું, પતિઓનાં પણ 'પતિ' પરમેશ્વરની (શ્રી)મત પર દરેક પગલું ભરવાનું હતું. આમાં મન અને બુદ્ધિની ઘણી મહેનત હતી. કલિયુગી માથું (એટલે કે તમોગુણી બુદ્ધિ) કાપી નવું મસ્તક (દિવ્યબુદ્ધિ)

ધારણ કરવાનું હતું. જૂના શુદ્ર (તુચ્છ) જીવનનો અંત કરી બ્રાહ્મણ (પવિત્ર) બનવાનું બીડું ઝડપવાનું હતું. કિચડના કીડાથી કમળના ફૂલનો ભમરો બનવાનું હતું, આ 'દિવ્ય પરિવર્તન' મુજ આત્માનો 'ત્રીજો મરજીવા જન્મ' હતો.

અહાહા! આ અલૌકિક જન્મના સુખનું હું કેટલું અને કેવું વર્ણન કરું! પારલૌકિક માતા-પિતાનો નિ:સ્વાર્થ પ્રેમ, ઈશ્વરને અર્પિત ધનથી ખરીદેલા ધાન(અનાજ)થી સાચા બ્રાહ્મણોએ બનાવેલ બ્રહ્મા-ભોજન અને દૈવી પરિવારમાં રમેલું એવું રુહાની બાળપણને હું સપનામાં પણ ક્યારેય ભૂલી નથી શકતી. ઉંમરમાં મોટા હોવા છતાં, ઈશ્વરીય ગુરુકુળમાં અનન્ય વિદ્યાર્થી જીવનનાં શ્રીગણેશ થયા, દરરોજ જ્ઞાનની મીઠી-મીઠી વાતો સાંભળતા, 'આધ્યાત્મ વિદ્યા પ્રાપ્ત કરવામાં વ્યસ્ત અને બ્રહ્માબાબા અને જગદંબામાંના ધર્મના બાળકો બનીને અતીન્દ્રિય સુખમાં સદૈવ મસ્ત'- એવું એ અદભુત જીવન હતું... આ જીવન તો દરેક બ્રહ્માવત્સોને પ્રાપ્ત થાય છે, જેઓ બ્રહ્મા-બાબાના મુખકમળ દ્વારા આપેલા જ્ઞાનને કારણે બ્રહ્મા-મુખવંશાવલી બ્રાહ્મણ બને છે... પણ મને મળેલો ચોથો જન્મ કદાચ જ કોઈ વિરલાને મળે છે...

સતયુગી સંસ્કાર, દિનચર્યા અને ખાન-પાન કેવા હશે? એ અનુભવ કરાવવા દિવ્ય-દ્રષ્ટિદાતા, કરન-કરાવનહાર શિવ-પિતાએ મને ચોથો દૈવી જન્મ આપ્યો, અચાનક ધ્યાનમાં ગઈ તોએક વિશેષ પ્રોગ્રામ આપ્યો. એ પ્રમાણે હું એકલી જ થોડા દિવસ એકાંતમાં એક રૂમમાં રહી. મને ભોજન કરવાની મનાઈ હતી. હું થોડું દૂધ અને ફળ જ લેતી હતી. ના હું કોઈની કંઈ વાત સાંભળતી, ન કોઈ ને કશું કહેતી, ન કોઈ અજ્ઞાની વ્યક્તિને જોતી. શિવબાબાને નિરંતર યાદ કરવાની આજ્ઞા હતી. સૂરજમુખીનાં ફૂલ જેવી દિનચર્યા હતી. પ્રિયપ્રભુને યાદ કરવાનું જ બસ એક કામ હતું. જેના ફળ સ્વરૂપે, વર્તમાન જીવનના સંસ્કારો સુષુપ્ત અવસ્થામાં (મર્જ) થતા ગયા. દૃષ્ટિ-વૃત્તિ બદલાઈ ગઈ. હું હતી તો જીવિત, પણ શરીરનું નામ-ગામ, ઉંમર-સરનામું કંઈ પણ યાદ નહોતું આવતું. બધી સ્મૃતિઓ ગાયબ થઈ ગઈ હતી. શરીરના બધા સંબંધો ભૂલાઈ ગયા હતા. લૌકિક સંબંધીઓ મળવા આવતા ત્યારે હું તેમને ઓળખી નહોતી શકતી. અલૌકિક ભાઈ-બહેનોનાં નામ પણ ભૂલી ગઈ હતી.

હું મારી જાતને સતયુગી સૃષ્ટિની દૈવીકુળની એક નાનકડી કોમળ કન્યાનાં રૂપમાં અનુભવ કરી રહી હતી. મારા મુખેથી સ્વર્ગીય ભાષા ધીરે-ધીરે મંદ અવાજે નીકળતી હતી. મારા દૈવી-દુનિયાના સતોપ્રધાન સંસ્કાર જાગૃત થયા હતા. મને કામ, ક્રોધના વગેરે દુર્ગુણોની અવિદ્યા થઈ ચૂકી હતી. કળિયુગી ભાષા, હાવભાવ, કંઈ સમજાતું નહોતું. મારી આંખોતો એ જ હતી, પણ મન બદલાઈ ગયું હતું. પરમાત્મ-શક્તિએ એવો જાદુ કર્યો હતો કે, જે પણ બ્રહ્માવત્સ મારી સામે આવતા, તેમનાં ભવિષ્યનો સતયુગી ચહેરો, ચાલ-ચલન, નામ-ગામ-રૂપ અને સંબંધ જ મને દેખાતા હતા. કોઈએ પૂછ્યું, 'તમે કોણ છો?' તો હું રાજકુમારી છું એવો અનુભવ કરવાને લીધે, હું મારી ઓળખાણ વૈકુંઠવાસી તરીકે આપતી હતી. કોઈ પૂછતું 'પેલા ફલાણા યજ્ઞવાસી કોણ છે?' તો હું તેમને જે રાજકુમાર - રાજકુમારી કે દાસ-દાસીનાં રૂપમાં જોતી હતી તે જ વર્ણન કરતી હતી. કયા રાજાનું રાજ્ય છે? કોણ માતા-પિતા છે? સરનામા સાથે તેમના નામ જણાવતી હતી. પૂરો દોઢ મહિનો ટ્રાંસમાં રહીને આ સ્વર્ગીય સુખનો અનુભવ કર્યો! તે સમયે હું દિવસમાં માત્ર એક કે બે ચમચી જ દૂધ પીતી હતી. બધાને આશ્ચર્ય થતું કે

આવા અલ્પ આહારથી શરીર કેવી રીતે ચાલશે. છતાં હું સંપૂર્ણપણે સ્વસ્થ હતી. મારું ચાલવું-ફરવું, વ્યવહાર બધું રાજકુમારી જેવું હતું. દિવ્ય-દ્રષ્ટિ પર આધારિત દેવતાયી જીવનનો પાર્ટ હળવો થયો, પરંતુ તે સમયે હું માત્ર એટલું જ જાણતી હતી કે હું ક્યાંક તો ખોવાઈ ગઈ હતી. કેટલાય દિવસો સુધી બધા મને મારો અને યજ્ઞવત્સોનો પરિચય કરાવતા રહ્યા. ત્યારે મને મારું પહેલાવાળું જીવન યાદ આવવા લાગ્યુ. શિવબાબાની દિવ્ય-શક્તિનાં પ્રભાવથી થયેલો - આ હતો મારો વિચિત્ર 'ચોથો દૈવી જન્મ!'

દાદીજીનો જન્મ સિંધ હૈદરાબાદમાં થયો, તેમના માતા-પિતાએ નામ આપ્યું - ‘જમના’, તો શિવપિતાએ અવ્યક્ત નામ આપ્યું ‘કમલસુંદરી!’. દાદી યજ્ઞના સુપ્રસિદ્ધ સંદેશી હતા. ધ્યાન અવસ્થામાં દાદીમાં દેવતાયી સ્વરૂપના લક્ષણો દેખાતા હતા, એટલા માટે બ્રહ્માબાબા અને બ્રહ્મા-વત્સો તેમને ‘દેવતાદાદી’ના નામથી બોલાવતા હતા. દાદીએજ ‘રાધા-કૃષ્ણ સ્વયંવર’ અને દૈવી-દુનિયાના રીત-રિવાજોના અનેક રહસ્યો પ્રગટ કર્યા હતા. જ્ઞાનમાર્ગે પગ મૂકતા પહેલા જ દાદી લગ્નના બંધનમાં બંધાઈ ગયા હતા. પતિ વિદેશમાં હતા. પવિત્રતા પસંદ ના હોવાથી પતિએ ઝઘડો કર્યો. ઓમમંડળીમાં જવા પર પ્રતિબંધ લગાવ્યો. ૨૪ વર્ષીય દાદી સંઘર્ષ કરી મોટો પુત્ર અને ૬ મહિનાની નાની પુત્રીને લઈને દાદી યજ્ઞમાં આવ્યા. પરંતુ પતિ બાળકોને પરત ઘેર લઈ ગયો. બાબા હૈદરાબાદથી કરાંચી ગયા. દાદીને જૂના કર્મ-બંધનો તોડવામાં થોડો સમય લાગ્યો, જેના કારણે તેઓ કરાંચી મોડા પહોંચ્યા ત્યારે બાબાએ કહ્યું, ‘મોડી આવી છો, બકરી છો? તારું મોઢું નહીં જોઉં.’ આ સાંભળી દાદીને માતા સીતાની યાદ આવી. તેમ છતાં પણ, દાદીને દૃઢ નિશ્ચય હતો કે રાવણની જેલમાંથી તો છૂટીને રામના શરણમાં તો આવી જ ગઈ છુ ને! મને રામ ચોક્કસ મળશે! અને થયું પણ એવું જ! તે જ રાત્રે, બાબા અચાનક આવીને દાદીના પલંગની સામે ઊભા રહી ગયા, અગ્નિપરીક્ષા આપનાર સીતાની જેમ, બાબાએ લીધેલી નિશ્ચયની પરીક્ષામાં દાદી પાસ થઈ ગયા. આબુ આવ્યા પછી દાદી સેવા માટે દિલ્હીમાં જમુના કિનારે ગયા. ત્યાં ગૌરીશંકર મંદિરમાં રહ્યા. કમલાનગર (દિલ્હી)માં જ દાદીએ સેવા આપી. સન ૧૯૫૮માં મેરઠ જઈને આસ-પાસના વિસ્તારોમાં અનેક સેવાકેન્દ્રોની સ્થાપના કરી.

નોઈડાનાં મંજુબહેન દાદીની ત્યાગ તપસ્યાનું આ રીતે વર્ણન કરે છે, ‘દાદીને યજ્ઞ પ્રત્યે ખૂબ પ્રેમ હતો. જે કંઈ પણ તેમને મળતું દાદી તે યજ્ઞમાં આપી દેતા અને અમારી પાસેથી પણ તેવી જ અપેક્ષા રાખતા. દાદી બે રૂપિયાનાં ફળ પણ ખરીદતા નહતા, કોઈ તેમના માટે ફળ લાવે ત્યારે જ તેઓ ખાતા હતા. ભંડારીના પૈસાથી ફળ ખરીદવું તેમને સહેજે પસંદ ન હતું. ડોક્ટરની સલાહ હોવાથી યુક્તિથી ફળો લાવ્યા, તો તેમને તેની જાણ થતાં મનાઈ કરી હતી. દાદી એક જ મુદ્રામાં કલાકો સુધી એલર્ટ(સ્થિર) થઈ યોગ કરતા. દાદીનો યોગ એટલો શક્તિશાળી હોય કે તેમનો ચહેરો લાલ-લાલ થઈ જતો. બીમારીમાં એક દિવસ પણ ચૂક્યા વિના, અમૃતવેળા ૨ વાગ્યે ઉઠીને નિયમિત યોગ કરતા. હું સેન્ટરમાં રહીને નોકરી કરતી હતી, ત્યારે જો હું વહેલી ઉઠું તો દાદી કહેતા, હું બપોરે આરામ કરું છું, પણ તમે નોકરી કરો છો એટલે સવારે ૩.૩૦ પછી ઉઠો. દાદી ત્યાગનાં મહામેરૂ હતા. તેમના ફાટેલા કપડા મને સિલાઈ કરવા દેતા હતા. હું આડા-અવળી સિલાઈ કરી નાંખતી તો તેઓ સિલાઈ ખોલીને ફરીથી સિવડાવતા. પોતે થીંગડા લગાવી જૂના

કપડા જ પહેરતા અને નવા કપડાં મધુબન મોકલી દેતા. તેમને ફેશનેબલ વસ્તુઓ આપોતો તેઓ લેતા નહીં. હું કહેતી, 'દાદી, બીજાઓ એ મોટાં-મોટાં સેંટર બનાવ્યાં, તમે પણ મોટું સેંટર બનાવો,' ત્યારે તેઓ કહેતા, તેમને બનાવવા દો, હું સતયુગમાં મોટો મહેલ લઈશ, અહીં નહીં. જિજ્ઞાસુઓ માટે દાદીને શ્રેષ્ઠ ભાવના હતી. જેઓ નિયમ-મર્યાદા પર ચાલતા તેમના માટે પોતાની જાન લૂંટાવી દેતા અને તેમને સારામાં સારું જમાડતા. પણ કોઈ યજ્ઞની વિરૂદ્ધ કંઈ કરે તો તેમને ગમતું નહિ. વિશેષ માતાઓને ફૂલ બી.કે. ડ્રેસમાં ક્લાસ કરવો જોઈએ, એવું દ્રઢ પણે કહીને માતાઓને નિયમ-મર્યાદાઓ પાક્કી કરાવતા. દાદી બીમાર હોવા છતાં છેવટ સુધી પોતાના હાથે જ શાક બનાવતા. દાદીજીએ યજ્ઞની સેવામાં પોતાનાં હાડકા હોમી દીધાં.'

હસ્તસાલની ભાવનાબહેન દાદીજીના ગુણોને આ રીતે વર્ણવે છે, 'માનવ દેહમાં દાદી એક દેવદૂત ફરિશ્તા જ હતા. શક્તિ સ્વરૂપ પણ હતાં. યોગ દરમિયાન દાદી આંખનું મટકું પણ મારતા નહતા, જેના કારણે તેઓ સાક્ષાત દેવી જ લાગતા હતા, એવું લાગતું હતું જાણે ચેતનમાં કોઈ મૂર્તિ મૂકેલી હોય. દાદીએ જ મને અચલ-અડોલ અને ધારણામૂર્ત બનાવી. અમૃતવેલા સમયસર ગીત ન વગાડ્યું હોય ત્યારે નિમિત્તભાઈને જગાડી ગીત વગાડવાનું કહેતા. મધુબનના સમય પ્રમાણે ૧૨ વાગતાં જ ભોગ લગાવતા અને જો ભોગને ૧૫ મિનીટ મોડું થઈ જાય તો તેઓ કહેતા, તારી એક્યુરેસી નથી. દિલ્હીમાં મીટીંગ માટે કારને બદલે બસ દ્વારા જતા અને પૈસા બચાવતા. પોતાની સુખ-સુવિધા માટે ખર્ચ કરવાને બદલે તે થયેલી બચત યજ્ઞમાં આપી દેતા. બાથરૂમ રૂમથી દૂર હતું, નવું ઘર બનાવવાનું કહેતા તો ના પાડતા. દાદી સાચું બોલવામાં ડરતા નહોતા અને કોઈએ કંઈ કહ્યુ તો ખોટુ ના લગાડતા. દાદીના પલંગની સામે બાબાનો ફોટો હતો, હું આવતા-જતા દાદીને બાબા સાથે વાત કરતા જોતી હતી. રક્ષાબંધનના દિવસે દાદી ધ્યાનમાં જઈને રાખડી બાંધતા, ટ્રાંસમાં કોઈની ધારણા સાધારણ લાગે તો તેઓ પહેલા પ્રતિજ્ઞા લેવડાવતા, પત્ર લખાવતા અને પછી જ રાખડી બાંધતા. દાદીએ જેમને ભાષણ, કોર્સ અને યોગ-શિબિર કરાવવાની ટ્રેનિંગ આપી. એકવાર ગુલઝારદાદી મેળાના ઉદ્દ્ઘાટન માટે આવ્યા, દાદીએ તેમને કહ્યું, 'શિબિર કરાવવા કોઈ બહેન મોકલો.' ગુલઝારદાદીએ કહ્યું, 'ભાવના કરાવશે.' પછી દાદીએ એવું ના કહ્યું કે તે નવી છે. દાદી બધા વરિષ્ટ દાદીઓને સન્માન આપતા. તેઓ બહાર બેસીને મારું ભાષણ સાંભળતા અને કહેતા, 'બહુ સારું જ્ઞાન સંભળાવો છો!' દાદી નાના-મોટા દરેકને સમાન રીતે ચલાવતા, એક સમાન પ્રેમ આપતા. કોઈના પદ-પ્રતિષ્ઠા કે સંપત્તિની દાદી પર સહેજ પણ અસર પડતી નહતી.

મેરઠના વિનોદબહેન દાદીજીની ધ્યાના-સ્થાનું આ રીતે વર્ણન કરે છે, 'દાદી ખુલ્લી આંખે જ ટ્રાંસમાં જતા અને થાક્યા વગર ચાર-ચાર કલાક સુધી સ્વર્ગનું એવી રીતે વર્ણન કરતા કે એવું લાગતુ જાણે આપણે વૈકુંઠમાં જ રમણ કરી રહ્યા છીએ. ક્યારેક ક્યારેક ભોગ લગાવતી વખતે તેમનામાં રાજકુમારી પ્રગટ થતી અને રાસલીલા શરૂ થઈ જતી. દાદીની બુદ્ધિની લાઈન એટલી સ્પષ્ટહતી કે યોગમાં કોણ કયા સંકલ્પો કરે છે? બાબાને કોણ યાદ કરે છે? તેઓ તરત જ જાણી જતાં. કોઈ મર્યાદાનું ઉલ્લંઘન કરી ક્લાસમાં બેઠું હોય, તો તેમને તરત વાઈબ્રેશન આવતા અને તેઓ ક્લાસમાં જ સાવધાની આપી દેતા. દાદીના

કારણે જ હું ધારણામૂર્ત બની. અન્ય આત્માઓનું સફળ કરાવવામાં દાદી ખૂબ જ માહિર હતા. પોતાના માટે કંઈ જ ના માંગતા, દાદીએ સેવામાં પોતાનાં હાડકા હોમી દીધાં. ૯૬ વર્ષની વૃદ્ધાવસ્થામાં પણ તેઓ હંમેશા ઉમંગ-ઉત્સાહમાં રહેતા. આળસ શું હોય છે-એ દાદીને ખબર જ નહતી. દાદીએ કોઈની પાસે કોઈ પણ સેવા ના લીધી, દરેક કાર્ય જાતે જ કર્યું.'

ઓ.આર.સી. દિલ્હીનાં સપનાબહેન તેમના દાદી પાસેથી મળેલી પાલનાનું વર્ણન આ રીતે કરે છે, 'મારું નસીબ હતું કે મેં દાદી સાથે રહીને બી.એ. પાસ કર્યું. બપોરે કોલેજથી આવતાં મોડું થાય તો દાદી મારી દીકરીને કંઈ થયુ તો નહિં હોય - તેની ચિંતામાં દાદી તડકામાં બેસી રાહ જોઈ રહેતા. કદાચ મા પણ એટલી ચિંતા ના કરે. મેં હંમેશા દાદીનું આદર્શ વિદ્યાર્થી જીવન જોયું. દાદી જ્ઞાન-યોગ-ધારણા-સેવા વગેરે ચારેય વિષયોમાં નંબરવન હતા. ડાયમંડ હોલમાં કોઈ ન હોય તો પણ સૌ પહેલા દાદી ૬ વાગે પહોંચી જતા અને મુરલી પૂરી થયા પછી બધા જતા રહે પછી જ ઉઠતા. પ્રકૃતિજીત દાદીએ ક્યારેય ચશ્મા નહોતા પહેર્યા. એક વાર લક્ષ્મીદીદીએ ચપ્પલ લઈ આપ્યા. અનેક વાર સંધાવી અંત સુધી એ જ ચપ્પલ વાપરી. મેં નવા ચપ્પલ લીધા ત્યારે તેમણે પૂછ્યું, 'જૂના ચપ્પલ ક્યાં છે?' મેં કહ્યું, 'તે તૂટી ગયા છે', તો પણ દાદીએ મને એ જ ચંપલ સંધાવી અને યુઝ કરાવી. કરકસર કરનાર દાદી ઘણી બચત કરાવતા હતા. એકવાર ઘરેથી ફોન આવ્યો તો પણ વધુ સમય સુધી વાત કરવા ના દેતા. જો હું કહું કે ઘરવાળાએ ફોન કર્યો છે, તો દાદી કહેતા 'તેમને પણ પૈસા લાગે છે ને!' દાદી એક બીજા સાથે બિનજરૂરી વાત કરવા દેતા નહીં. ખુરશીની નીચે ગયેલા વટાણાનાં દાણાને પણ શોધાવતા. નવી બહેન આવેતો કહેતા, 'આને સાફ કરવાનું કેમ કહો છો, માલિક કેમ બનો છો? બીજાની સેવા લઈને પોતાની આદત કેમ બગાડો છો?' મારી પસંદ-ના પસંદ પૂછી, મારી પસંદનું ભીંડાનું શાક ઓછું આપતા અને મને ના પસંદ કેળાનું શાક વધુ ખવડાવી અનાસક્ત બનાવતા અને કહેતા, 'દેવતાઓ ઓછું ખાય છે!' બુધવારે રાત્રે હલવો બનાવવા રવો(સોજી) શેકી, કુકરમાં બટાકા ભરી, ગુરુવારે ૨ વાગ્યે અમને ઉઠાડી ૬ વાગ્યા સુધીમાં ૨૦૦ આત્માઓ માટે ભોગ તૈયાર કરાવતા. ઓછા પાવડરથી કપડાં ધોતાં દાદીએ જ મને શીખવ્યું.

મવાનાનાં અમિતાબહેન દાદીજીની વિશેષતા સંભળાવે છે, 'એક વાર વાર્ષિક મીટીંગમાં બધા દાદીઓના જ્ઞાનનું ૭૦મું વર્ષ મનાવવામાં આવ્યું. મધુબનમાં ભારત અને નેપાળથી આવેલા ભાઈ-બહેનોએ દાદીજીને અનેક ભેટ આપી. કેટલીક બહેનોએ તેમાંથી કેટલીક વસ્તુઓ માંગી, ત્યારે તેમને ન આપી અને ન પોતે રાખી દાદીએ ગિફ્ટની પોટલી બાંધી યજ્ઞમાં આપી દીધી. એવી જ રીતે એકવાર એક માતા દાદીને મળવા આવી. આમ તો દાદી દરેકને પ્રેમથી મળતા ક્યારેય ના કહેતા નહિં. પણ તે માતાને તે દિવસે કહ્યું, 'અત્યારે નહીં, સાંજે મળીશ.' માતા ઉદાસ થઈને ઘરે ગઈ અને જઈને જોયું કે ઘરમાં ચોર ઘૂસ્યા હતા અને ચોરોએ સામાન પેક કરી દીધો હતો. માતાને જોઈને ચોર ખાલી હાથે જ ભાગી ગયા. ચોરી થશે એવી ભાસના આવવાથી દાદી મળ્યા નહિં, આ રહસ્ય જાણીને માતા ખૂબ ખુશ થઈ ગઈ.'

મેરઠનાં સરોજબેન દાદીજીનો ટ્રાન્સનો અનુભવ વર્ણવે છે, 'ક્લાસમાં એક ભાઈનો દીકરો જ્ઞાનમાં આવ્યા પહેલાં ગુમ થઈ ગયો હતો. દાદીનાં ધ્યાન વિશે ખબર પડી ત્યારે તેણે દાદીને તેના પુત્રનો સંદેશો લાવવા કહ્યું. દાદીએ કહ્યું, 'ભોગ લગાવો.' બાબાએ ટ્રાંસમાં દીકરાને પુલ નીચે

રીક્ષામાં સૂતેલો દાદીએ બતાવ્યો. તે ભાઈએ તરત જ દિલ્હીમાં તેના સંબંધીઓને ફોન કર્યો તો ગુમ થયેલ દીકરો ત્યાંજ મળી આવ્યો. દાદીનો ટ્રાન્સનો પાર્ટ ખૂબ જ સ્પષ્ટ હતો.'

નવસારીનાં ગીતાબેન દાદીજી તરફથી મળેલા પ્રેમનું વર્ણન કરે છે, 'દાદીમાં પાલનાનાં સંસ્કાર કુટી-કુટીને ભરેલા હતાં. દાદી બધાને ખવડાવી-પીવડાવીને જ તૃપ્ત થતા હતા, ક્યારેય એકલા ખાતા નહોતા. એકવાર દાદી માટે ચા બનાવવાની હતી, દૂધ ઓછું હતું. સાથે અમે બે બહેનો હતી. દાદી માટે ચા બનાવી અને અમે બંને બહેનોએ ગ્લાસમાં પાણી ભરી ચાની જેમ પીધું, દાદીને લાગ્યું કે અમે પણ સાથે ચા પી રહ્યા છીએ, નહીંતર તેમણે પણ ચા ના પીધી હોત. દાદી પીઠ પાછળ નિંદા કરવાને બદલે ક્લાસમાં જ શિક્ષા-સાવધાની આપતા. ભાઈ-બહેનો કહેતાં કે મા પણ શીખવે છે, તો દાદી પણ મા જ છે ને? દાદી બપોરે આરામ કરતા નહિં, તેઓ કહેતા, 'હું વતનમાં જાઉં છું.' તેઓ પાંચ મિનિટ સૂઈ જતાં અને તરત જ ઉઠી જતા. આટલો દાદીને ઊંઘ પર કાબૂ હતો.'

શાંતિવન ટ્રાન્સપોર્ટના મોહનભાઈ દાદીજીની ખૂબીઓ બતાવે છે, 'નિયમ-મર્યાદાઓના પ્રતિમૂર્તિ અને અનુશાસન પ્રિય દાદી જિજ્ઞાસુઓ આવે તે પહેલાં જ ક્લાસમાં હાજર થતા હતા. ભંડારી માટે આપેલા પૈસા, કપડાં અને વસ્તુઓને અમાનત માની, મોટી પેટીમાં ભરી તેને પ્રકાશમણિ દાદીને સોંપતા હતા. તેમને સચ્ચાઈ-સફાઈ ખૂબ જ પ્રિય હતા અને પરખવાની શક્તિ તો દાદીની અજોડ હતી. જો કોઈ જૂઠું બોલે તો તરત ટ્રાંસમાં જઈને દૂધ-પાણી અલગ કરી નિર્ભયપણે સત્ય જાહેર કરતા. દાદીને સંગમ-યુગમાં જ દેવતાયી જીવનનો ઘણો નશો હતો. તેમના ચહેરા પર દિવ્ય આભામંડળ (ઓરા) હંમેશા ચમકતું રહેતું.

એકનામી-ઈકોનોમીનાં અવતાર, ચાલ-ચલનથી ત્યાગ-તપસ્યા-સેવાનો સંદેશ આપનાર દેવતા દાદીની અંતિમ અવસ્થા પણ ખૂબજ ઉપરામ હતી. દિવ્ય દ્રષ્ટિનાં વરદાની, સ્વર્ણિમ દુનિયાનો સાક્ષાત અનુભવ કરાવનાર સંગમયુગી 'દેવતા' દાદી કમલસુંદરી, ૮મે, ૨૦૦૭નાં દિવસે દેહત્યાગ કરી સતયુગની સ્થાપના હેતુ એડવાન્સ પાર્ટીમાં શામેલ થઈ ગયા.

**॥ ઓમશાંતિ ॥**

**અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

---

**(પેજ નં. 25નું અનુસંધાન)... ઈશ્વરીય કાર્યમાં**

મઢેલી મણીઓ, ઈશ્વરીય કાર્યમાં સહયોગી આત્માઓ! હાથ સહયોગનું પ્રતીક છે, મદદગારની યાદગાર છે. પરમાત્મા કહે છે કે જે આત્માઓ મારા દરેક કાર્યમાં, સેવાર્થે હમેશા તન-મન-ધનથી સહયોગી હોય છે, મારા સ્નેહમાં હમેશા સમાયેલા રહે છે, મારો વરદાની હાથ હમેશા તેઓ અનુભવ કરતા હોય છે એવી તમામ આત્માઓ મારા હાથના કડાના મઢાયેલી મણિ સમાન છે. તેઓ મારા સહયોગી જરૂર છે, પણ તેઓ મારા સમાન કે મારી નજીક નથી. કારણ કે તેઓ સ્થૂળ રૂપેણ સહયોગી છે પણ ગુણોમાં, શક્તિઓમાં સંપન્ન નથી. તેઓ હમેશા હદમાં રહેવાનો પુરુષાર્થ કરે છે. કોઈ એક વિશેષતાના કારણે સેવામાં સહયોગી અવશ્ય બની શકે છે. પણ શક્તિઓ કે ગુણોમાં સમ્પન્ન ના હોવાના કારણે પરમાત્મા સમાન દરેક કાર્ય ના કરી શકે.

માટે જ પરમાત્મા પિતા હમેશા કહે છે કે હે મારા મીઠા બાળકો, મારા સમાન બનવાનો પુરુષાર્થ કરો. એ લક્ષ્ય સુધી પહોચવું એ જ આપણો પુરુષાર્થ હોવો જોઈએ.

**॥ ઓમશાંતિ ॥**

# પરમાત્મા પિતાના સમાન, ભગવાનની નજીક કે ઈશ્વરીય કાર્યમાં સહયોગી?

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

આપણે ભક્તિમાં પરમાત્માને યાદ કરતા આવ્યા. નવધા ભક્તિ પણ કરી. પરમાત્માને પામવા માટે ખૂબ જ મહેનત પણ કરી છે. ભક્તિના ફળસ્વરૂપે આપણને ભગવાનની પ્રાપ્તિ થઈ. ભગવાન સ્વયં આ ધરતી પર આવી દરેક બાળકોને માત-પિતા, શિક્ષક અને સતગુરુ સ્વરૂપે બધી જ રીતે પાલના કરી રહ્યા છે. ભગવાનની પાલનાનો અનુભવ સમગ્ર વિશ્વમાં કોટોમાં કોઈ અને કોઈમાં પણ કોઈ વિરલ આત્મા જ કરી રહ્યો છે. એ પણ શ્રેષ્ઠ ભાગ્યની નિશાની છે. એ વાતનો નિશ્ચય, નશો પણ વિરલ આત્માઓમાંથી પણ કોઈ વિરલ આત્માઓને જ છે. એ પણ નિયતિની વિચિત્રતા છે. પરિણામ સ્વરૂપે ભગવાનની મહેનત એક સમાન હોવા છતાં ભગવાનના બાળકો ત્રણ શ્રેણીમાં વહેંચાઈ ગયા છે.

અદભુત વાત તો એ છે પરમાત્મા પિતાએ દરેકને સમાન બનવાનું લક્ષ્ય આપ્યું છે! તેમ છતાં કર્મની ગતિ કે પછી નિયતિની બલિહારીએ સમ્પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ હોવા છતાં બાળકોને નિમ્ન ત્રણ શ્રેણીમાં વહેંચી દીધા છે.

**૧. પરમાત્મા પિતા સમાન -** આ આત્માની સર્વશ્રેષ્ઠ સ્થિતિ છે. આ સ્થિતિને જોતા પરમાત્મા પિતા આ બાળકોને ભગવાનના મુકુટમણિ તરીકે સંબોધે છે. અર્થાત વિશ્વનું સર્વોચ્ચ સ્થાન. આ સૌભાગ્ય વિશ્વની અતિમાં પણ અતિ વિરલ આત્માઓને પ્રાપ્ત છે. આવા આત્માઓ નેક્સ્ટ ટૂ ગોડ શ્રેણીમાં છે. એ આત્માઓના લક્ષણ અને કર્તવ્ય પરમાત્મા સમાન હોવાના કારણે આ શ્રેષ્ઠ ભાગ્ય તેઓને પ્રાપ્ત થાય છે. જેમ મણિની પોતાની ચમક હોય છે, તેમ પરમાત્મા સમાન મુકુટમણિ બાળકો માસ્ટર જ્ઞાનસૂર્ય બની સમગ્ર વિશ્વના આત્માઓ સુધી બધી જ પ્રકારની શક્તિઓના કિરણો પહોંચાડવાનું કાર્ય કરે છે. તેઓ હમેશા સર્વ સીમાઓથી પાર બેહદમાં જેને સાંપ્રત સમયમાં આઉટ ઓફ બોક્સ અર્થાત રંગભેદ, જાતિભેદ, ધર્મભેદ, લિંગભેદ કે દરેક પરિસ્થિતિ, વાતાવરણ કે વાયુમંડળથી ઉપર ઊઠી વિશ્વ કલ્યાણના શ્રેષ્ઠ કાર્યમાં નિરંતર સેવારત હોય છે. તેઓની બીજી વિશેષતા સ્વયં ભગવાન વર્ણવે છે કે તેઓ માસ્ટર ગુણોના સાગર હોય છે. તેઓની બુદ્ધિ સાકાર સૃષ્ટિથી ઉપરામ હોય છે. તેઓની બુદ્ધિ સતત ભગવાનની યાદમાં રમણ કરે છે, તેઓની બુદ્ધિ આવવાવાળી સ્વર્ણિમ દુનિયાની યાદમાં કે ઈશ્વરીય સેવામાં સતત બીઝી રહે છે. તેઓ ઊંચી સ્મૃતિ, ઊંચી વૃત્તિ. ઊંચી દૃષ્ટિ અને ઊંચી પ્રવૃત્તિમાં જ હોય છે. માટે તેઓ હમેશા સ્થિતિમાં ઊંચા, સર્વ પ્રાપ્તિઓમાં શ્રેષ્ઠ અને અધિકારી છે. જેમ મુકુટ એ શરીરમાં ઊંચા સ્થાન પર વિરાજમાન હોય છે તેમ જ પરમાત્મા પિતા સમાન આત્માઓનું સ્થાન પણ આ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ છે અર્થાત તેઓનું સ્થાન પરમાત્માના મુકુટમણિ સમાન છે.

**૨. ભગવાનની નજીક -** બીજા નંબરના આત્માઓ ભગવાનની સમીપ હોય છે, તેઓ ભગવાનના ગળાના હારના મણકા સમાન છે. પરંતુ તેઓને મસ્તકમણિનું સ્થાન પ્રાપ્ત થતું નથી. તેઓ ભગવાનની નજીક ભલે હોય છે પણ પરમાત્મા પિતા સમાન બની શકતા નથી. આ મણકા અર્થાત મણિમાંથી પ્રકાશના કિરણો ચારેય

બાજુ અવશ્ય પ્રસરતા હોય છે પણ મસ્તકમણિની જેમ બધા જ કિરણો બેહદમાં પ્રસરતા નથી. હદ અને બેહદનું મિશ્રણ જોવા મળે છે. તેઓના ગુણોમાં પણ ટકાવારી જોવા મળે છે. તેઓ પરમાત્મ સ્નેહી અને સહયોગી હોય છે. પરમાત્મા કહે છે કે મારી નજીક રહેવાવાળા આ શ્રેણીના બાળકોનો આધાર તેમનો કંઠ હોય છે. તેઓ ભગવાનની મહિમા કરે છે, મુખ દ્વારા ભગવાનનો પરિચય આપે છે, અનેક આત્માઓની વાચા સેવાથી પરમાત્મ કાર્યમાં સહયોગી બનાવે છે, અનેક આત્માઓને ભગવાનની સમીપ લઇ આવે છે. તેઓ હમેશા પરમાત્મ સ્મૃતિ-સ્વરૂપ હોતા નથી પણ બીજાને સ્મૃતિ અવશ્ય અપાવે છે. આ પુરુષાર્થના ફળસ્વરૂપે તેઓ ભગવાનના ગળાના હારના મણકા બનવાનો અર્થાત ભગવાનની સમીપ રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

**૩. ઈશ્વરીય કાર્યમાં સહયોગી -** ત્રીજા નંબરના આત્માઓ છે - ઈશ્વરના હાથના કડામાં

(અનુસંધાન પેજ નં. 23 પર)

## આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહ કન્યા કેળવણી

# જ્ઞાન - યોગ - સંયમ - નિયમ

બ્ર.કુ. સંધ્યાબેન, નડિયાદ.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સંચાલિત નડિયાદ સેવાકેન્દ્ર 'પ્રભુ શરણમ્' દ્વારા શિક્ષણગૃહ (કન્યા છાત્રાલય)ની સ્થાપના 1989થી કરવામાં આવી. જેમાંથી આજ પર્યંત સેંકડો કન્યાઓએ લૌકિકની સાથે અલૌકિક શિક્ષણ પ્રાપ્ત કરીને સ્વયંના જીવનને સંસ્કારી, ગુણવાન અને પ્રભુપસંદ બનાવવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત કર્યો છે. તદુપરાંત 150 થી વધુ કન્યાઓએ પરમાત્માના વિશ્વકલ્યાણના કર્તવ્યને પારખી સ્વયંના જીવનને સમર્પિત કર્યું છે.

યુગ પરિવર્તનના આરે આવીને ઊભેલા સૃષ્ટિચક્રના અંતિમ સમય અર્થાત સંગમયુગના ઈશ્વરીય કલ્યાણકારી કર્તવ્યનો સમય પણ પૂર્ણ થવા જઈ રહ્યો છે. વર્તમાન કળિયુગી ઘોર અંધકાર ભરી અજ્ઞાનની રાત્રીમાં સમગ્ર વિશ્વ અશાંતિ, હિંસા, ભય, દુઃખ-દર્દના વાતાવરણમાં અસુરક્ષિત અને ત્રસ્ત છે.

આવા સમયે પ્રસ્તુત આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહ રણમાં વીરડી સમાન કુમારીઓ અને તેમના માતા-પિતાને માટે સુરક્ષિત, નિશ્ચિંત અને શાતાદાયી બની રહ્યું છે.

કળિયુગી કાંટાની દુનિયામાંથી ભગવાન કન્યાઓના જીવનને શ્રેષ્ઠ ભાગ્યશાળી, ગુલાબ જેવું સુગંધિત, પાવન અને ગુણવાન બનાવવાની અમૂલ્ય તક આપી રહ્યા છે. અહીં રહેતી કન્યાઓ શાળા શિક્ષણ સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને વક્તૃત્વ, નૃત્ય, સંગીત, રસોઈ, સ્વચ્છતા વગેરે દ્વારા બહુમુખી વિકાસ કરી રહી છે. સાથે સાથે જ્ઞાન, યોગ, ધારણા અને સેવાના પાઠો દ્વારા જીવનને પરિપક્વ બનાવવાનો સુયોગ પ્રાપ્ત કરી રહી છે.

પોતાની કન્યાઓના જીવન ઘડતર માટે ચિંતામુક્ત રાખતા આ શિક્ષણ ગૃહમાં પોતાની કન્યાઓને પ્રવેશ અપાવવા માંગતા માતા-પિતા કે વાલીઓ સંપર્ક કરવા વિનંતી છે.

**કન્યા શિક્ષણ ગૃહ ઇન્ચાર્જ - બ્ર.કુ. સંધ્યાબેન**

**સંપર્ક : (0268) 3560145, મો. 94089 76617**

॥ ઓમશાંતિ ॥

# સ્વભાવ

## બ્ર.કુ. મધુબેન, બાંટવા

માનવ જીવન એક સુ અવસર છે. આ જીવનમાં આપણને સુંદર જીવન જીવવાનો જીવન બનાવવાનો મોકો છે.

કહે છે વહી ગયેલો સમય પાછો આવતો નથી. તેમ શ્રેષ્ઠ સુંદર જીવન જીવવાનો મોકો ચૂકી ગયા તો તે પાછો મળતો નથી.

આપણે આપણા જીવનની જેવી છાપ ઉભી કરવા માંગીએ એવી આપણે ઊભી કરી શકીએ છીએ. આપણા સ્વભાવ-સંસ્કારને સુંદર શ્રેષ્ઠ રાખીશું તો આપણી ઈમેજ વેલ્યુ આ જીવનમાં ઉંચી થઈ જશે અને આપણે ખુદનું, ખુદના પરિવારનું અને ખુદાનું નામ રોશન કરી લેશું.

આજ લોકો જીવન તો જીવે છે પરંતુ આપણું જીવન એવું હોય જો આપણે પણ ખુશ રહીએ આપણાથી બધા ખુશ રહે. આપણું જીવન એવું જીવીને જઈએ જો પાછળથી લોકો આપણા જીવનથી પ્રેરણા લે અને સદા યાદ કરે.

આપણે એવું જીવન જીવીને જઈએ જો ભગવાન પણ આપણું સ્વાગત કરવા માટે તૈયાર થઈ જાય.

કહે છે કે ભગવાન આપણું ભાગ્ય નથી લખતા પરંતુ આપણા વિચારો આપણો વ્યવહાર આપણા કર્મ જ આપણું ભાગ્ય લખે છે. તો આપણા વિચાર વ્યવહાર અને કર્મને શ્રેષ્ઠ રાખવા ખૂબ જ જરૂરી છે. એના માટે આપણે સ્વભાવને બદલવો ખૂબ જ જરૂરી છે. સ્વ + ભાવ સ્વનો ભાવ હરેક મનુષ્ય આત્મા પ્રત્યે સારો રાખવાનો છે. કોઈ ઉંચ નહીં કોઈ નીચ નહીં કોઈ ભેદભાવ નહીં. બધાને સુખ જોઈએ છે. બધાને શાંતિ જોઈએ છે. બધાને પ્રેમ જોઈએ છે.

ચીન દેશના એક રાજા હતા જેનું નામ હેન્ડ્રીક હસન હતું તેનો સ્વભાવ ખૂબ જ સારો હતો. દયાવાન અને પ્રજા માટે ખૂબ જ પ્રેમ ભાવ હતો. એમનો એક દાસ હતો જે એમના કમરાની રોજ સફાઈ કરે એક દિવસ એ રાજાના કમરાની સફાઈ કરતો હતો. એક ટેબલ પર સેન્ટની બોટલ પડી હતી તેણે આસપાસ જોયું કોઈ હતું નહીં તેણે સેન્ટની બોટલ ખોલી અને પછી સૂંઘવા લાગ્યો સુગંધ ખૂબ સરસ હતી. તે સુગંધ લેતો હતો ત્યાં રાજા ત્યાં આવી ગયા જોયું દાસ સેન્ટની સુગંધનો આનંદ લઈ રહ્યો છે. દાસની નજર પડી કે રાજા એ જોઈ લીધું. દાસ ગભરાવા લાગ્યો તેણે ઝડપથી સેન્ટની બોટલ બંધ કરી મૂકી દીધી અને માફી માંગવા લાગ્યો. રાજાજી મારી ભૂલ થઈ ગઈ મને માફ કરો. ત્યારે રાજા બોલ્યા કાંઈ વાંધો નહીં અને પૂછે છે દાસને તને આ સેન્ટ કેવું લાગ્યું ત્યારે દાસ કહે ખૂબ જ સરસ છે. મેં આવું સેન્ટ ક્યારેય જોયું નથી ત્યારે રાજા કહે છે તને ગમે છે ભલે તું તે બોટલ લઈ જા.

ત્યાર પછી બીજો કિસ્સો બન્યો રાજા હેન્ડ્રીક હસન એકવાર સભા ભરીને બેઠા હતા ત્યાં સભામાં રાજા માટે દાસ ફ્રુટનાં જ્યુસ ગ્લાસ ભરીને રાજાને આપવા આવ્યો. દાસ તે ગ્લાસ રાજાને આપવા નજદીક આવ્યો ચાલતા ચાલતા જરા પગ લચકાયો અને ગ્લાસ રાજાના કપડા પર ઢોળાઈ ગયો રાજા બોલ્યા કાંઈ જ વાંધો નહીં ભલે ઢોળાઈ ગયો હું બીજો ડ્રેસ પહેરીને આવું છું. રાજા ઉભા થયા દાસ ગભરાઈ ગયો રાજાના ચરણમાં પડી માંફી માંગે છે કહે છે મને માફ કરો. રાજા બોલ્યા

બેટા કાંઈ વાંધો નહીં એમાં માંફી માંગવાની ન હોય એમ કહીને રાજાએ તેમને ઉભો કર્યો ત્યારે દાસે ભરી સભામાં છડી પોકારી

સ્વર્ગ વહાં હૈ જહાં પ્રેમ હૈ
સ્વર્ગ વહાં હૈ જહાં દયા હૈ
સ્વર્ગ વહાં હૈ જહાં ક્ષમા હૈ
સ્વર્ગ વહાં હૈ જહાં કરુણા હૈ
સ્વર્ગ વહાં હૈ જહાં શાંતિ હૈ

તો આપણે આપણા સ્વભાવમાં પ્રેમ, દયા, ક્ષમા, કરુણા અને શાંતિ લાવીશું. આ દુનિયામાં સ્વર્ગ લાવી શકીશું એના માટે આપણા દિલને વિશાળ બનાવવું પડે.

એક મોટો વૈજ્ઞાનિક હતો જેમણે બલ્બનું નિર્માણ કર્યું જેમનું નામ હતું થોમ્સ એડીસન. જેમણે દુનિયાને અંધકારને રોશનીમાં લાવી દીધી. ખૂબ જ મહેનત કરીને બલ્બ બનાવ્યો હતો એમની સાથે એક યુવાન રહેતો હતો.

થોમ્સ એડીસનને બલ્બ બનાવ્યો અને એ યુવાન જોવા લાગ્યો અને હાથમાં લઈ તેના ફ્રેન્ડને બતાવ્યો અને ફ્રેન્ડસે એકના હાથમાંથી બીજાના હાથમાં દેવા લાગ્યા. જોવા લાગ્યા રમત કરતા કરતા બલ્બ નીચે પડી ગયો અને તૂટી ગયો. બધાં ફ્રેન્સ ગભરાય ગયા. માંફી માંગવા લાગ્યા. ત્યારે થોમ્સ એડીસન બોલ્યા ભલે બલ્બ તૂટ્યો તે તો હું બીજો બનાવી લઈશ. હવે મને બલ્બ બનાવવાની રીત આવડી ગઈ છે. પરંતુ કોઈનું દિલ ન તૂટવું જોઈએ. તૂટેલું દિલ ફરીથી જોડવું મુશ્કેલ છે. દિલ કાચ જેવું હોય છે. એકવાર તૂટી જાય છે પછી ફરીથી દિલ જોડાતું નથી તેમા તિરાડ રહી જાય છે.

કોઈએ કોઈના દિલને દુખાવ્યું હોય તે આખી જીંદગી યાદ રહી જાય છે. તે જલદીથી ભૂલી શકતા નથી. તો આપણે દૃઢતાથી સંકલ્પ કરીએ કે હું મારા મન-વચન કર્મથી કોઈનું દિલ દુભાવીશ નહીં. સર્વની દુઆ, આશીર્વાદ અને પુણ્ય કર્મ કરીને પરમપિતા પરમાત્મા શિવને યાદ કરીને આપણા જીવનને આપણા સ્વભાવને સુંદર બનાવી શ્રેષ્ઠ કર્મની પુંજી જમા કરીએ. એ જ આપણા જીવનનું સુંદર લક્ષ હોય તો આપણું જીવન ધન્ય ધન્ય બની જશે.

**॥ ઓમશાંતિ ॥**

# બાકી

**બ્ર. કુ. જૂનાગઢ**

દિલની શાહુકારી તો શિવનાં જ સંબંધથી હોય,
બાકી તો કેવાનાં જાજા હોય,
અંતર્મુખતાની ગહેરાઈ ભરપૂરતાની હોય,
બાકી ઠાઠ-માઠની ઠમકારી જાજી હોય,
એકલતાનો આનંદ એકાંત હોય,
બાકી ટોળાનો અવાજ જાજો હોય,
અતીન્દ્રિય સુખની મસ્તી અનેરી હોય,
બાકી દેખાવનાં સુખ ભભકા હોય,
સોળે શણગાર આત્માનાં હોય,
બાકી દેહના પૂતળાની સજાવટ હોય,
સમર્પણથી સેવામાં નિમિત હોય,
બાકી દેખાવ કામનાં બોજા હોય,
જ્ઞાનથી જીવન જીવવાની સમજણ હોય,
બાકી જીવન મળ્યાની ફરિયાદ હોય,
પ્રેમમાં પવિત્રતાની પરાકાષ્ઠા હોય,
બાકી દેહનાં આકર્ષણની દરિદ્રતા હોય,
અંતર-જગત સ્વચ્છતાની પર્સનાલિટી હોય,
બાકી દેહભાન દેખાવનાં હોઈ,
મળ્યા માણીગર મનને, એનો મોભો હોય,
બાકી જપ-તપ, કીર્તનની ભક્તિ હોય.

**॥ ઓમશાંતિ ॥**

# અંતિમ સમાધાન માફી છે

રામાયણ એક મહાકાવ્ય છે. શ્રી રામને કેન્દ્રમાં રાખીને લખાયેલ આ મહાવાક્યમાં આપણા સૌના રોજના જીવનનો મહત્ત્વપૂર્ણ સંદેશ છે. જો આ સંદેશો પર ગહનતાથી વિચાર કરીએ તો આપણી કર્મ કરવાની પધ્ધતિમાં દિવ્યતા આવી શકે છે. સૃષ્ટિની ઊતરતી કળાઓને રોકવા માટે રજોબુદ્ધિ ઋષિઓ દ્વારા એનું નિર્માણ થયું છે. આજે ભારતમાં 24 પ્રકારનાં રામાયણ છે. કેટલાક પ્રસંગો એક રામાયણમાં ઉપલબ્ધ છે તો બીજામાં નથી. ભક્ત કવિઓએ પોતપોતાની ભાવના અનુસાર જેવી છબી જોઈ તેવું ચિત્રણ કર્યું છે. આપણે આ વર્ણનમાંથી સંદેશ મેળવવાનો છે.

## કઠણ સમયમાં પણ મર્યાદા પર અડગ

વનવાસમાં ઘણો સમય વીતી ગયા બાદ શ્રી રામ શ્રી સીતા, શ્રી લક્ષ્મણનું જીવન પંચવટીમાં સ્થિર જેવું બની ગયું હતું. ત્યારે એક ઘટના બની. રાવણની એક બહેન શૂપર્ણખા, વનમાં વિચરણ કરી રહી હતી. એની નજર તેજસ્વી શ્રી રામ - લક્ષ્મણ પર પડી અને તે શ્રી રામ સાથે પ્રણય નિવેદન કરવા લાગી. શ્રી રામ જોકે મર્યાદા પુરુષોત્તમ છે, કઠણમાં કઠણ સમયમાં પણ મર્યાદા પર અડગ રહે છે. એટલે તેઓ સાક્ષીભાવથી શૂપર્ણખાને જુએ છે. સ્થિરચિત્ત બનીને પોતે વિવાહિત છે તેવી વાત કરે છે અને લક્ષ્મણ તરફ ઈશારો કરે છે કે તેમની સાથે વાત કરો. શ્રી રામ આના પહેલાં પણ અનેક પ્રસંગોએ પોતાની ધીર, ગંભીર, શાલીન વાણીનો પરિચય આપી ચૂક્યા છે. શ્રી રામની મર્યાદા બે કિનારા પર વહેનારી શાંત નદી જેવી છે. જે તોફાન આવતાં પણ કિનારાઓને ઓળગંતી નથી.

## કૈકેયી નહીં, પણ માતા કૈકેયી કહો

પરિસ્થિતિઓમાં પણ આત્મ નિયંત્રણ, આત્મ સન્માન, રાજકુલોચિત વ્યવહાર શ્રી રામ જાળવી રાખે છે. યાદ કરો. રામના રાજતિલકનો પ્રસંગ, જ્યારે એમને અચાનક વન-ગમનનો આદેશ મળ્યો. તો તેઓ પ્રસન્નવદનથી તેની તૈયારીમાં લાગી ગયા. પરંતુ ત્યારે ક્રોધિત થઈને લક્ષ્મણ રામની સામે આવે છે અને ઉત્તેજિત અવાજમાં કહે છે, ભૈયા, ભૈયા શું એ સાચું છે કૈકેયીએ આપનું રાજ્ય છિનવી લીધું? શ્રી રામ હસે છે અને ઘણા પ્રેમથી લક્ષ્મણને કહે છે તમે એ બતાવો કે માતા કૈકેયીને તમે કૈકેયી કહેવાનો ક્યારથી શરૂ કર્યું? વિપરીત પરિસ્થિતિમાં પણ આ શબ્દો તેની મર્યાદા તોડાવી ન શક્યા એટલા માટે રામને મર્યાદા પુરુષોત્તમ કહે છે.

## જે બનવાનું છે તે બનીને જ રહેશે

એના પછી શ્રી રામ માતા કૈકેયી માટે કહે છે કે હું માતા કૈકેયીને દોષિત માનતો નથી. તેઓ તો નિષ્કપટ પ્રેમનાં એવાં નદી છે જેમાં સદા સ્નેહની લહેરો ઉઠતી જ રહે છે. પરંતુ જીવનમાં કેટલીક વાતો આકસ્મિક રીતે બને છે જે આપણી સમજમાં આવતી નથી. અકસ્માત ધરતીકંપ થાય છે અને માનવજીવનને વેરવિખેર કરી દે છે. એના માટે બીજાઓને દોષ આપવો જોઈએ નહીં. પોતાનું પ્રારબ્ધ સમજીને તેનો સ્વીકાર કરી લેવો જોઈએ. ધર્મ અને વીરતા બન્નેની પરીક્ષા કટોકટીના સમયમાં થાય છે.

જે રીતે ચંદનનું વૃક્ષ, પોતાને કાપનારાને પણ કુલાડીને સુગંધિત કરી દે છે. આ પ્રકારની ઉદારતાના પ્રતીક શ્રી રામ, વનવાસ રૂપી કઠોર

જીવન પ્રદાન કરવા માટે નિમિત્ત કૈકેયીને પણ પુણ્યશીલા શબ્દથી સુશોભિત કરે છે. તેઓ આ ઘટના માટે પ્રારબ્ધની વાત કરે છે.

કહેવામાં આવે છે કે રાક્ષસોને કોઈ શીંગડાં, મોટા નખ, યા અણીવાળા લાંબા દાંત હોતા નથી, એમની આંતરિક હિંસક અને વિકારી વૃત્તિઓ જ એને રાક્ષસ બનાવી દે છે. પોતાના રૂપ પર ગર્વિત, પળે પળે રૂપ બદલવામાં હોંશિયાર, સ્વેચ્છાચારી, અંકુશવિહીન અને ખરાબ કાર્યો માટે પોતાના રાક્ષસ ભાઈઓની આજ્ઞા મેળવીને હવે શૂપર્ણખા લક્ષ્મણ તરફ આગળ વધે છે. એના ઉપર પ્રહાર કરવા માટે લક્ષ્મણ ક્રોધ રૂપી શસ્ત્ર ઉઠાવી લે છે આ શસ્ત્રના ઉઠવાથી જ વનવાસના શાંત જીવનમાં એક ધ્રૂજારી આવી જાય છે.

## સામ સામે છે બે વિકાર

હવે બે વિકાર સામ સામે છે. એક તરફ છે કામ, બીજી તરફ છે ક્રોધ. શું બુરાઈને બુરાઈથી જીતી શકાય છે. ક્યારે ગરમ લોખંડથી ગરમ લોખંડની ટીપી શકાય છે. ધમ્મપદમાં કહેવામાં આવ્યું છે કે 'વેરથી વેર કદી શાંત થતું નથી. ક્રોધથી ક્રોધ, હિંસાથી હિંસા અને ઘૃણાથી ઘૃણા મિટાવવી અસંભવ છે. પરંતુ લક્ષ્મણે ક્રોધ રૂપી ખંજર ચલાવીને કામ રૂપી શત્રુને હરાવવાની કોશિશ કરી.

વિધિ ખોટી હતી એટલે સિદ્ધિ મળી નહીં. સાચી વિધિ તો એ હતી કે શ્રી રામની જેમ તેની આગળથી દૂર થઈ જવાની હતી. યુક્તિથી પોતાની જાતને બચાવવાની હતી. અર્જુને ઈન્દ્રના દરબારમાં ઉર્વશીથી પોતાને બચાવી લીધા હતા. મહાભારતમાં પ્રસંગ છે કે જ્યારે ચિત્રસેન અર્જુનને નૃત્ય શીખવાડી રહ્યા હતા તો ત્યાં અપ્સરા ઉર્વશી પહોંચે છે.

ઉર્વશી કહે છે અર્જુનને કે તમે મારું નામ લો. દેવી કહેશો નહીં. અર્જુન કહે છે તે સંભવ નથી. ઉર્વશી કહે છે કંઈ પણ અસંભવિત નથી. અર્જુન કહે છે મર્યાદાયુક્ત પુરુષો માટે મર્યાદાનું ઉલ્લંઘન અવશ્ય અસંભવ છે. ઉર્વશી કહે છે તમને મેળવવાનો પ્રયત્ન કરી રહી છું.

અર્જુન કહે છે, આપ માતા છો. માતાના ખોળામાં સમાઈ જવાનું પુત્ર માટે સૌભાગ્યપૂર્ણ છે. યાદ કરો, આપ મારા પૂર્વજ મહારાજ પુરુરવાની પત્ની બનીને એમની સાથે રહેતાં હતાં. હું આપના માટે પુત્ર બની શકું છું. પુરુષ નહીં.

## જેવું વાવશો તેવું લણશો

લક્ષ્મણે ક્રોધમાં આવીને શૂપર્ણખાનું નાક કાપી દીધું પણ કામ વિકાર હાર્યો નહીં. હવે બદલો લેવાની અગ્નિ વધતી ગઈ. કર્મ કરવું એ વાસ્તવમાં બીજ વાવવું છે.

ક્રોધિત - અપમાનિત - દર્દથી ત્રસ્ત તે નારી પોતાના ભાઈ રાવણની સમક્ષ પહોંચી તો એનું અપમાન એક રાક્ષસ રાજાના કુળના માન સન્માનનો પ્રશ્ન બની ગયો એને એમાં પોતાની બહેનનો દોષ દેખાયો નહીં. ત્યાર પછીની ઘટનાઓ તો આપણે જાણીએ છીએ. એટલે કહેવાય છે અંતિમ સમાધાન માફી છે. પછી માફી માંગો યા માફી આપો.

**॥ ઓમશાંતિ ॥**

- **બાળકો જ્યારે પણ સ્નેહથી બાપને યાદ કરે છે તો સમીપ અને સાથનો અનુભવ કરે છે. દિલથી બાબા કહ્યું અને દિલારામ હાજર.**
- **ઉદ્યમ, સાહસ, ધીરજ, બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ જ્યાં વસે છે ત્યાં નસીબ પણ મદદ કરે છે.**

# આપણે કોઈને માફ શા માટે ના કરીએ?

બ્ર.કુ. વિનાયક, સોલાર પ્લાન્ટ, શાંતિવન, આબુરોડ.

કોઈના સ્વભાવ સંસ્કાર, કોઈનો કઠોર વ્યવહાર, કોઈ દ્વારા અપમાનિત થવું યા કોઈના દ્વારા દુઃખ મેળવવું, આ વાતોમાંથી જ્યારે પસાર થઈએ છીએ તો એક કટુ અનુભવ સદા માટે સ્મૃતિ બનીને રહી જાય છે. તે સ્મૃતિ આપણા નૈતિક તથા આધ્યાત્મિક માર્ગમાં, ઉન્નતિના માર્ગમાં અવરોધરૂપ બને છે. અહીં ધ્યાનમાં લેવાની વાત એ છે કે જેણે દુઃખ આપ્યું તે વ્યક્તિ અવરોધક બનતો નથી પણ એના પ્રત્યે આપણા મનમાં જન્મેલી નફરતની વૃત્તિ અવરોધક બને છે. એ વૃત્તિનું પરિણામ શું આવશે? નિશ્ચિતરૂપથી હાનિ. કોની? અન્ય કોઈની નહીં, સ્વયં આપણી. એ વ્યક્તિના કમજોર સ્વભાવને કારણે જે દુઃખ મળ્યું તે તો અલ્પકાળનું હતું. પરંતુ એ દુઃખની સ્મૃતિને જાળવી રાખવાની આપણી કમજોરીએ એ દુઃખને સ્થાયી કરી દીધું.

## માફ કરવું એ કાયરતા નહીં પણ પરમ વીરતા છે.

કોઈ કહે છે જે થયું તે થયું એને માફ કરી દો. ત્યારે જવાબ મળે છે 'શા માટે, એક તો એનાથી દુઃખ મળ્યું, ઉપરથી માફ પણ કરીએ?' મોટા ભાગે જોવામાં આવે છે કે જ્યારે કોઈનાથી દુઃખી થઈએ છીએ તો લોકો એને પાઠ ભણાવવાનું યા એની સાથે બદલો લેવાનું ઉચિત સમજીએ છીએ, નહીં કે માફ કરવું. બદલો લેવો એ બહાદુરી અને માફ કરવું એને કાયરતા સમજે છે. આપ જણાવો. જ્યારે લોકોએ ક્રોસ પર ચઢાવીને હાથે પગે ખીલા ઠોક્યા, તો શું જિસસ ક્રાઈસ્ટે ભગવાનને એ લોકોને સજા આપવાની પ્રાર્થના કરી? ઈતિહાસનાં પૃષ્ઠોમાં સોનેરી અક્ષરોમાં લખેલું છે કે ક્રાઈસ્ટે એને માફ કરવાની પ્રાર્થના ભગવાનને કરી હતી. માફ કરવું એ કાયરતા નહીં પણ પરમવીરતા છે. એટલે તો ક્રાઈસ્ટ 2000 વર્ષથી જનજનના દિલમાં બિરાજમાન છે. જ્ઞાનના સાગર, પ્રેમના સાગર પરમપિતા શિવ પરમાત્મા કહે છે, દરેકને નિર્દોષ સમજો. આપણે કોઈને માફ શા માટે કરીએ? આ પ્રશ્નનો શિવપિતાએ ઉચ્ચારેલા મહાવાક્યો પર આધારિત ઉત્તર આપણે અહીંજોઈશું.

મનુષ્યને જે સુખ યા દુઃખ મળે છે એનો આધાર છે એનાં કર્મ. કર્મ સિદ્ધાંતનું જ્ઞાન કોઈ અંધવિશ્વાસ, પરંપરા યા રિવાજ પર આધારિત નથી. પરંતુ જ્ઞાનના સાગર પરમાત્મા દ્વારા શીખવાડવામાં આવેલો સૃષ્ટિનો એક અવિનાશી નિયમ છે અને પરમ સત્ય છે, જેની પાસે પુણ્યનું ખાતું જમા છે એનું ભવિષ્ય સુખ-શાંતિ સંપન્ન હશે અને જેણે પાપકર્મ કર્યાં છે એનું ભવિષ્ય દુઃખ, અશાંતિ અને અભાવથી પીડિત હશે પાપકર્મના ફલસ્વરૂપ, કોઈને કોઈ આપણને દુઃખ આપવા યા અશાંત કરવા માટે નિમિત્ત બને છે. પછી એવું પણ બને કે આપણી તેમાં ભૂલ પણ ના હોય. જેમ કે એક કેદી, પોલીસ, વકીલ, જજ વગેરેને એમ નથી કહી શકતા કે મારી સજા માટે જવાબદાર આપ સૌ છો. તેઓ માત્ર સજા અપાવવા માટે નિમિત્ત છે. સજાનું કારણ તો તેનાં પાપ કર્મ છે. આપણને જે દુઃખ મળે છે તેનું કારણ આપણાં વિકર્મો છે. તે વ્યક્તિ તો માત્ર દુઃખ આપવા માટે નિમિત્ત બને છે. એટલે ખુલ્લા દિલથી માફ કરીને આપણે ઉડતા પંખી બનવાનું છે.

મનુષ્ય જીવનનો સૌથી અણમોલ ખજાનો છે - સમય. અન્ય ખજાનાઓતો ગુમાવ્યા પછી ફરીથી

મળે છે. પણ વીતેલી એક ક્ષણ પણ પાછી આવતી નથી. આપે અનુભવ કર્યો હશે કે મનને પીડા આપનારી જે ઘટના હશે કે મનને પીડા આપનારી જે ઘટના બને છે તે થોડા સમયમાં જ બને છે. પરંતુ ઘટના બની ગયા પછી પણ એના માટે ઉઠતા પ્રશ્નોની કતાર આપણા આયુષ્યના એક હિસ્સાને ખાઈ જનારી બને છે. સમુદ્રમાં બરફના પહાડની પણ માત્ર એક નાનીશી ટેકરી દેખાય છે એને જોઈ નથી શકાત તેવો મોટો ભાગ ઘણો ભયંકર હોય છે જેથી તેને અઠડાઈને જીવનની નાવ નષ્ટ થઈ જાય છે. આપણે આપણી નાવને બચાવી લઈએ. એના માટેનું સરળ સાધન છે, એ વ્યક્તિને દિલથી માફી આપીને બંધનમુક્ત બની જઈએ. આ એના માટે દયા નથી પણ આપણા માટે છે.

સૃષ્ટિનાટકનું આ ચક્ર બનેલું, બનાવેલું છે. તેમાં દરેક અભિનેતાને પોત પોતાની ભૂમિકા મળેલી છે. એકની ભૂમિકા બીજાની ભૂમિકાથી ભિન્ન છે. નાટક અર્થાત્ વિચિત્ર પ્રકારની ભૂમિકાથી ભિન્ન છે. નાટક અર્થાત્ વિચિત્ર પ્રકારની ભૂમિકાઓથી ભરેલો ખેલ છે. નાટકમાં મળેલું સુખ દુઃખ માત્ર એક અભિનય જ હોય છે. નહીં કે વાસ્તવિકતા. નાટક પૂરું થતાં અભિનેતા એક સ્થાન પર બેસીને ખુશીઓ મનાવે છે. સારી ભૂમિકા નિભાવવા બદલ અભિનંદન પણ આપે છે. જેણે પણ નાટકમાં કઠોર પાર્ટ નિભાવ્યો છે એનાથી બીજો પાર્ટધારી નફરત કરશે નહીં કારણ કે એને સ્પષ્ટ રીતે ખબર છે કે આ અભિનય છે. તે રીતે આ સૃષ્ટિનાટકમાં મળેલા પાર્ટ અનુસાર દરેકનો અભિનય હોય છે. અન્ય આત્માઓના વ્યવહારથી દિલશિકસ્ત થયા વિના એને ક્ષમાદાન આપીશું તો લોકો આપણા અભિનયને દિલથી નમન કરશે.

ઈશ્વરીય જ્ઞાનની મંઝિલ છે જ્ઞાન, ગુણ અને શક્તિઓથી બાપ સમાન બનવું. શિવપિતા ક્ષમાના સાગર છે. વિશ્વના એકપણ આત્મા માટે પરમાત્માને કદી અશુભ સંકલ્પ ઉત્પન્ન થતો નથી. એટલે સમગ્ર વિધિ કોઈને કોઈ સ્વરૂપે તેને યાદ કરે છે. એનું ગુણગાન કરે છે. તેઓ ભોળાનાથ પણ છે. કોઈ એમના અસ્તિત્વને માને યા ના માને, એમના પ્રત્યે શ્રધ્ધા રાખે કે ફરિયાદ કરે પણ સર્વ પ્રત્યે કલ્યાણની ભાવના જ રાખવી એ શિવપિતાની પરમશ્રેષ્ઠ વિશેષતા છે. જો આપણે આપણા હિતેચ્છુઓ પ્રતિ કલ્યાણની અને વિરોધીઓ પ્રત્યે નફરતની ભાવના રાખીએ છીએ તો બાપ સમાન શ્રેષ્ઠ બનવાની મંઝિલ સુધી પહોંચી નહીં શકીએ. આપણી નફરત જ આપણા સામે વિઘ્ન બનીને આડી આવશે. એટલે દિલથી વિરોધીઓને ક્ષમા આપીને નફરતને દૂર કરવાની છે. જેથી નિર્વિઘ્ન બનીને મંઝિલ સુધી પહોંચી શકીએ.

અડધા કલ્પના દેહ અભિમાનથી મુક્ત થઈ આત્મ અભિમાની બનવા માટે, શિવબાબા દ્વારા મળેલી પહેલી શ્રીમત છે, મીઠે બચ્ચે, સ્વયંને આત્મા સમજીને મુજ બાપકો યાદ કરો પણ કોઈપણ દેહધારીને યાદ ના કરો. કોઈએ આપણને દુઃખ આપ્યું, એણે નિયમનું ઉલ્લંઘન કર્યું પણ એ કારણ બનાવીને શિવપિતાને બદલે એને યાદ કરતા રહીએ તો શું આ શ્રીમતનું પાલન છે. નહીં ને? શિવપિતાની યાદમાં આપણો સમય શ્વાસ સફળ થાય એટલા માટે નિંદકને માફ કરીને પૂર્ણવિરામ મૂકવાનું છે. જેથી એની યાદ ન આવે.

માળામાં પરોવવામાં લાયક બનવા માટે એ યોગ્યતા જોઈએ કે એક મણકો બીજા મણકા સાથે જોડાયેલો રહે. અર્થાત્ સ્વભાવ સંસ્કારનું મંગળ મિલન થાય. એક મણકો બીજા મણકાથી દૂર રહેશે તો વીખરાયેલી માળા જપ કરવામાં કામમાં

નહીં આવે. મણકાની વચ્ચે અંતર વધારવાનું કારણ છે. મનમુટાવ, ક્ષમાદાન એવું શક્તિશાળી પુણ્યકાર્ય છે, જેથી ગમે તેવા વિરોધીને આપણે પોતાના બનાવી શકીએ છીએ. માળામાં પોતાની જગા સ્થાયી કરવા માટે આટલો સરળ ઉપાય આપણે કેમ ના અપનાવીએ એટલે સૌને માફ કરો અને માળામાં પરોવાય જાઓ.

પરમપિતા શિવ પરમાત્મા અપકારીઓ ઉપર પણ ઉપકાર કરનારા છે. બાપ સમાન બનવાની મંઝિલ પ્રાપ્ત કરવા માટે આ એક શરત યા યોગ્યતા છે. બાપ સમાન બનવું છે તો કોઈના અપકારનો આપણે અનુભવ કરવાનો છે. ત્યારે જ આપણે એના ઉપર ઉપકાર કરી શકીએ છીએ.

અંતિમ ઘડી મનુષ્યની સંતુષ્ટતા યા પશ્ચાતાપની ઘડી છે. પશ્ચાતાપ આપણને જે નથી મળ્યું એના માટે નહીં આપણે જીવનમાં જે કરવાનું હતું તે કરી શક્યા નથી તેનો હોય. કોઈનું કરજ ચૂકવવાનું હતું, કોઈને પ્રેમ કરવાનો હતો, કોઈને સહયોગ આપવાનો હતો. રડવું એ વાતનું આવશે કે જેણે આપણી સાથે ખરાબ વ્યવહાર કર્યો તેને માફ કરીને હું તેનો સ્નેહી બની શકતો હતો. પરંતુ તેમ કર્યું નહીં. શિવપિતા કહે છે અંતિમ પરીક્ષા એક પળની હોય છે. એ વખતે શિવપિતાને બદલે કોઈ દેહધારી યાદ આવે તો કઈ ગતિ થશે? એટલે દરેકને નિર્દોષ સમજીને માફ કરીશું તો અંતિમ ક્ષણને સુહાવની બનાવી શકીશું.

આધ્યાત્મિક જીવનનો ઉદ્દેશ્ય છે શિવ પરમપિતા પરમાત્માની પ્રત્યક્ષતાનો આધાર વ્યવહાર છે. વ્યવહારથી મનુષ્યના સંસ્કારોનો પરિચય થાય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર જેના જીવનમાં છે. તેને દુખ, અશાંતિ, પરેશાની થાય છે. જ્ઞાન દૈવી ગુણ તથા દૈવી શક્તિઓના આધાર પર જેનો વ્યવહાર છે, એનાથી લોકોને સુખ, શાંતિ સંતુષ્ટિ મળે છે. સાથે એ પ્રશ્ન ઉઠે છે કે આમને આટલા મધુર કોણે બનાવ્યા હશે? આ પ્રશ્ન જ એમને શિવપિતાની ઓળખ આપે છે. ક્ષમા કરવું એ મહાન ગુણ છે, શક્તિ છે અને દાન પણ છે. કેટલીયે વાર આપણે સમજી લઈએ છીએ કે વિરોધીઓને જો માફી આપીશું તો તેનો ખોટો ઉપયોગ કરશે. ક્ષમા દાન એ વ્યક્તિ માટે પરિવર્તનનું સાધન બની જશે.

સાધનાના માર્ગમાં સૌથી મોટું બંધન મનનું બંધન છે. મનના બંધનોમાં પણ સૌથી અઘરૂં બંધન છે એ દેહધારીની યાદનું બંધન જેનાથી દુઃખ મળે છે. પરંતુ એ સત્ય છે કે તે નિર્દોષ છે. ક્ષમા એક એવું શક્તિશાળી અસ્ત્ર છે જે આ બંધનને કાપી શકે છે. એટલે કદમ કદમ પર ક્ષમા આપતાં, બંધન મુક્ત બનીને આગળ વધતા રહીશું અને બીજાઓને પણ બંધનમુક્ત બનાવીશું.

**॥ ઓમશાંતિ ॥**

- **પોતાના સ્નેહના શીતળ સ્વરૂપ દ્વારા વિકરાળ જ્વાળા રૂપને પણ પરિવર્તન કરનારા સ્નેહીમૂર્ત ભવ.**
- **બાપદાદાના સ્નેહના રીટર્નમાં સમાન બનનાર તપસ્વીમૂર્ત ભવ**
- **પરમાત્મ પ્યારની શક્તિથી અસંભવને પણ સંભવ કરનારા પદ્માપદ્મ ભાગ્યશાળી ભવ**


Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં એપ્રિલ–૨૦૨૪ માસની શબ્દાવલી ભાગ–૪૧ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ–૪૨ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં જુન–૨૦૨૪ના અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ–૪૨ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ-૪૨



### શબ્દાવલી ભાગ-૪૧ ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 દિ | વ્ય | લો | 2 ક | | 3 રા | મ | 4 ન | 5 વ | 6 મી |
| વ્ય | | | 7 ર | 8 ક | મ | | 9 જ | ત | ન |
| 10 ગુ | 11 લા | 12 બ | જ | ળ | | | 13 ર | ન | |
| 14 ણ | ગ | ફા | | 15 શ | 16 હી | 17 દ | | | 18 પ્ર |
| | 19 વ | રો | | | 20 લી | બું | | | લ |
| 21 બા | ગ | | | 22 ચૂ | ગ | ના | | 23 વ | ય |
| | | 24 ભા | | 25 ની | પા | | | સં | |
| 26 શી | 27 ના | વિ | 28 અ | | 29 વ | 30 સી | ય | ત | |
| 31 બી | જુ | | 32 મુ | 33 ક | ર | ર | | 34 ઋ | ષિ |
| 35 ર | ક | | 36 લ | ખ | | | | તુ | |

**આડી ચાવીઓ**

૧. સર્વ પ્રતિ ..... રાખો (૫)
૫. મધુબન કા કમરા (૪)
૮. વમળ શબ્દનો હિન્દી અનુવાદ (૩)
૯. એક ફુલ (૩)
૧૧. મોકો (૨)
૧૨. કર્ણ શબ્દનો ગુજરાતી અર્થ (૨)
૧૪. સાંજ (૨)
૧૫. ફિક્સ (૪)
૧૭. ..... નશા (૪)
૧૮. તાકત (૨)
૧૯. ..... અને દુવા (૨)
૨૦. સારુ પરિણામ (૪)
૨૨. અલૌકિક (૨)
૨૪. એક શાકભાજી (૩)
૨૬. ફુવારો શબ્દની અંગ્રેજી અનુવાદ (૩)
૨૮. અંત મતિ સો ..... (૨)
૨૯. પ્રાપ્ત કરવું (૩)
૩૦. સ્વર્ગ (૪)
૩૧. આશીર્વાદ (૩)
૩૨. જગદીશભાઈને ..... શહેરમાંથી જ્ઞાન મળ્યું (૨)
૩૩. ..... ખર્ચ બાલા નશીન (૨)

**ઊભી ચાવીઓ**

૧. શુભભાવના સાથે ..... રાખો (૫)
૨. મકાન, ઘર, રહેઠાણ (૩)
૩. વજન (૨)
૪. માયા ..... સે પકડતી હૈ (૨)
૫. વિશેષતા (૩)
૬. નિશા (૨)
૭. ભાગ્યશાળી (૬)
૧૦. તૈયાર (૨)
૧૩. સુંદર (૪)
૧૪. કવિતા (૩)
૧૫. પરમધામની સ્ટેજ (૨)
૧૬. કેન્સલ, બાતલ (૨)
૧૮. રથ, બાપદાદા .....નો આધાર લે (૩)
૨૧. ધરતી (૩)
૨૨. સાઈડ શબ્દનું ગુજરાતી (૩)
૨૪. બધાની સાથે સારો ..... રાખવો (૪)
૨૫. પરમધામ, બ્રહ્મલોક, મૂળઘર (૩)
૨૭. કાપલી, પહોંચ, ચિઠ્ઠી (૩)
૨૮. કક્કા બારખડીના પ્રથમ ત્રણ અક્ષર ઉલટા લખો (૩)



ભૂજમાં 'તનાવમુક્ત જીવન'ના કાર્યક્રમમાં ભ્રાતા ઈ.વી.સ્વામીનાથન, MLA ભ્રાતા કેશુભાઈ પટેલ, ચેમ્બરના પ્રમુખ અનિલભાઈ, કચ્છમિત્ર સમાચારપત્રના તંત્રી દીપકભાઈ, બ્ર.કુ. રીનાબેન, બ્ર.કુ. ભારતીબેન.



ગાંધીધામમાં શિવરાત્રી પર્વે ધ્વજારોહણમાં અદાણી પોર્ટના સંચાલક ભ્રાતા રક્ષીતભાઈ, પૂર્વ SP ભ્રાતા સાગર બાધમાર, સંયુક્ત વિકાસ કમિશનર મારૂત ત્રિપાઠી, મંદિરના ટ્રસ્ટી ભૂપેન્દ્રસિંહ, બ્ર.કુ.સરિતાબેન.



અમરોલીમાં શિવરાત્રી પર્વે આયોજીત ઝાંખીમાં ભગિની મીનાક્ષીબેન તારવાડીને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. તૃપ્તિબેન.



સુરત પરવત દ્વારા આયોજીત કાર્યક્રમમાં પૂર્વ મેયર ભ્રાતા ડૉ.રવિન્દ્ર પાટીલ, ડૉ. મંગલા પાટીલ, બિલ્ડર હિરવિંદ કૌર, બ્ર.કુ. સંગીતાબેન.



બાંટવામાં 'શિવરાત્રી અને મહિલા દિન' નિમિત્તે આયોજીત કાર્યક્રમમાં ડૉ. ધારાબેન કમાણી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના પ્રભારી ચેતનાબેન, યોગા ટીચર પંકજભાઈ, બ્ર.કુ. મધુબેન તથા અન્ય.



સુરત પાસોદરા સેવાકેન્દ્રમાં આયોજીત 'શિવ શંકરની ઝાંખીના દૃશ્ય'ની ભક્તોને સમજૂતી આપતાં બ્ર.કુ. નમ્રતાબેન.



આણંદમાં 'મહિલા દિવસ'ના કાર્યક્રમમાં મહિલા મોરચાના ઉપપ્રમુખ જાગૃતિ શાહ, ઈનરવ્હીલ ક્લબના પ્રમુખ મીનુબેન, મહિલા મંડળના પ્રમુખ હંસાબેન, જાગૃત મહિલા સમાજના પ્રમુખ ભારતીબેન, બ્ર.કુ. ગીતાબેન.



રાજુલામાં આયોજીત સ્નેહમિલનમાં ભ્રાતા સુશીલચંદ્ર ગુપ્તા દ્વારા લેખીત મેનેજમેન્ટના વિષયના પુસ્તકનું વિમોચન કરતાં માનવ મંદિરના ભક્તિરામ બાપુ બાજુમાં બ્ર.કુ. અનુબેન.



જેતપુરમાં શિવરાત્રી ઉપર પધારેલ MLA ભ્રાતા લલિતભાઈ રાદડીયાને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. શાંન્તુબેન સાથે બ્ર.કુ. બીનાબેન.



રાજકોટ ગાયત્રીનગર ખાતે 'મહાશિવરાત્રી' કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયાને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. રસીલાબેન.




વિરમગામમાં 'યોગ શિબિર'માં સર્ટીફીકેટ એનાયત કરતાં બ્ર.કુ. ઘર્મિષ્ટાબેન બાજુમાં MLA ભ્રાતા હાર્દિક પટેલ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સભ્ય ભ્રાતા મૌલિકભાઈ બારોટ, યોગ કોચ ખેમાભાઈ.



બોટાદમાં 'શિવદર્શન આધ્યાત્મિક મેળા'નું દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરતાં MLA ભ્રાતા ઉમેશભાઈ મકવાણા સાથે બ્ર.કુ. નીતાબેન.



બોખીરા ખાતે 'વિશ્વ મહિલા દિવસે' આયોજીત સ્નેહમિલનમાં નગરપાલિકા પ્રમુખ ભગિની ડૉ. ચેતનાબેન, કાઉન્સીલર ભગિની પાયલબેન બાપોદરા તથા અન્ય મહાનુભાવો સાથે બ્ર.કુ. હંસાબેન.



સુરત અલથાણ સેવાકેન્દ્ર દ્વારા ઓમ ટાઉનશીપમાં 'વુમન ડે' નિમિત્તે 'નારી તું નારાયણી'ની સમજૂતી આપતાં બ્ર.કુ. દક્ષાબેન.




સુરત અડાજણ ખાતે 'આધ્યાત્મિક મેળા'નો શુંભારંભ કરતાં બ્ર.કુ. દક્ષાબેન, સુરત પીપલ્સ બેંકના ચંપકભાઈ, પ્રો. અશ્વિનકુમાર, વેલોસીટી બીલ્ડર્સ ગ્રુપના પ્રવીણભાઈ, મંદિરના ટ્રસ્ટી હેમંતભાઈ.



અબ્રામા ખાતે આયોજીત 'બોડી એન્ડ માઈન્ડ સ્વાસ્થ્ય શિબિર'નો શુભારંભ કરતાં યોગાચાર્ય બ્ર.કુ. દુષ્યંતભાઈ મોદી તથા નયનાબેન સાથે બ્ર.કુ. સંગીતાબેન તથા અન્ય મહાનુભાવો.

Gyan Amrit Vol.17 | Issue 05 | May 2024 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



નડીયાદમાં 'સુવર્ણ જયંતી મહોત્સવ' અંતર્ગત આયોજીત કાર્યક્રમમાં દીપ પ્રજવલ્લન કરતાં બ્ર.કુ. શિવાનીબેન, સંતરામ મંદિરના સંત નિર્ગુણદાસ મહારાજ, MLA ભ્રાતા પંકજભાઈ દેસાઈ, નગરપાલિકા પ્રમુખ ભગિની કિન્નરીબેન શાહ, અમૂલ ડેરીના ચેરમેન ભ્રાતા વિપુલભાઈ, DDIT યુનિવર્સિટીના ડાયરેક્ટર ભ્રાતા અંકુરભાઈ, ડૉ. મહેશભાઈ દેસાઈ, બ્ર.કુ. પૂર્ણિમાબેન તથા અન્ય.



રાજકોટ ખાતે 'ભવ્ય ત્રિવેણી મહોત્સવ'માં દીપ પ્રગટાવતાં સંસ્થાના એડીશનલ જનરલ સેક્રેટરી રાજયોગી ભ્રાતા બ્રિજમોહનભાઈ, ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, MLA ભ્રાતા રાજેશભાઈ ટીલાળા, શ્રી પુરૂષાર્થ યુવક મંડળ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ભ્રાતા કિશોરભાઈ, બાલાજી વેફર્સના માલિક ભ્રાતા ભીખુભાઈ વિરાણી, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. રેખાબેન.



અમરેલી ખાતે આયોજીત 'શાંત મન ખુશનુમા જીવન' કાર્યક્રમનું દીપ પ્રગટાવી શુભારંભ કરતાં બ્ર.કુ. શિવાનીબેન, IMA ના પ્રમુખ ડૉ. જી.જે.ગજેરા, શીતલ આઈસક્રીમના માલિક ભ્રાતા ભૂપતભાઈ ભુવા, અમર ડેરીના અધ્યક્ષ ભ્રાતા અશ્વિનભાઈ, માર્કેટીંગ યાર્ડના પ્રમુખ ભ્રાતા કાલુભાઈ ભંડેરી, બ્ર.કુ. ગીતાબેન તથા અતિથિગણ.




ધારીમાં સેવાકેન્દ્રના નવનિર્માણધીન ભવનના 'ભૂમિ પૂજન' કાર્યક્રમમાં બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, મહિલા કૉલેજના આચાર્ય ભ્રાતા રાજુભાઈ દવે, માર્કેટીંગ યાર્ડના ડાયરેક્ટર ભ્રાતા મનસુખભાઈ ભુવા, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. ભારતીબેન, બ્ર.કુ. રસીલાબેન.



મહેસાણામાં મહાશિવરાત્રી નિમિત્તે 31000 રૂદ્રાક્ષના 10 ફુટ ઉંચા 'શિવલીંગ દર્શન' કાર્યક્રમમાં પૂર્વ મંત્રી ભ્રાતા ખોડાભાઈ, એગ્રીકલચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સીના ડાયરેક્ટર ભ્રાતા આત્મારામભાઈ, લાયન્સ હોસ્પીટલના ડાયરેક્ટર ભ્રાતા ડાહ્યાભાઈ પટેલ, પૂર્વ જીલ્લા BJP પ્રમુખ કેશુભાઈ પટેલ, એડવોકેટ ભ્રાતા મનહરભાઈ પટેલ, બ્ર.કુ. સરલાબેન.




વડોદરા અલકાપુરી ખાતે 'નારી સન્માન' કાર્યક્રમમાં આશીર્વચન આપતાં બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, ઑલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઑફ સેલ્ફ ગર્વેમેન્ટના CEA હંસાબેન, એસક્યુરા ઈન્સ્ટીટયુટ ઑફ ઈન્ટીરીયર ડિઝાઈનરના કૉફાઉન્ડર ભગિની સ્નેહાબેન, વ્યાપારી પ્રવીણભાઈ પટેલ, રીલાયન્સના મેનેજર ભ્રાતા હિરેનભાઈ.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com